RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 162, Dt.23-09-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પુષ્પની પાંચ પાંખડીઓને જોડીને વિકસિત ભારતનું નિર્માણ કરીશુંઃ મોદી

## હવે આપણુ નમસ્તે પણ મલ્ટીનેશનલ થઈ ગયું છે : વિશ્વ માટે AIનો અર્થ આર્ટીફીશિયલ ઈન્ટેલિજન્સ છે પણ મારા માટે અમેરિકન – ઈન્ડિયન છે :ભાષા અનેક પણ ભાવ એક : પ્રવાસી ભારતીયો ભારતના રાષ્ટ્રદુત છે : ન્યુયોર્કમાં ભારતીય સમુદાયને સંબોધતા વડાપ્રધાન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પીએમ મોદી હાલ અમેરિકાના પ્રવાસે છે. આ દરમ્યાન તેમણે અહિ ભારતીય સમૂદાય લોકોને સંબોધન કર્યુ હતું. નાસાઉ કોલિજિયમ સ્ટેડીયમમાં તેમણે કહ્યું હતુ કે, ભારત હવે ક્યાંય પાછળ નથી, નવી વ્યવસ્થા બનાવે છે નેતૃત્વ કરે છે. તેમણે કહ્યું હતુ કે આપણુ નમસ્તે ગ્લોબલ બની ગયું છે પીએમ એ જણાવ્યું હતુ કે પુષ્પ ની પાંચ પાંખડીઓ સાથે મળીને કઈ રીતે ભારતને વિકસિત દેશ બનાવશે.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે અમેરિકન ભારતીય સ્પીરીટ છે અને આ જ વિશ્વનો એઆઈ પાવર છે. આ અઈ સ્પીરીટ જ ભારત-અમેરિકા સંબંધોને નવી ઊંચાઈ આપી રહી છે. અમેરિકન ભારતીય ભાવના છે અને આ વિશ્વની એઆઈ શક્તિ છે. આ અઈ ભાવના જ ભારત-અમેરિકા સંબંધોને નવી ઊંચાઈ આપી રહી છે. વડાપ્રધાને કહ્યું કે હવે આપણું નમસ્તે પણ બહુરાષ્ટ્રીય બની ગયું છે. તે સ્થાનિકથી વૈશ્વિક થઈ ગયું છે અને આ બધું તમે (વિદેશમાં રહેતા ભારતીયો) દ્વારા કરવામાં આવ્યું છે. ભારતને પોતાના હૃદયમાં રાખનાર દરેક ભારતીયે આ કર્યું છે. હું હંમેશા તમારી (ભારતીય ડાયસ્પોરા) ક્ષમતાને સમજ્યો છું. વડાપ્રધાને કહ્યું, તમે હંમેશા મારા માટે ભારતના સૌથી મજબૂત બ્રાન્ડ એમ્બેસેડર રહ્યા છો. એટલા માટે હું તમને બધાને રાષ્ટ્રીય રાજદૂત કહું છું.

વડાપ્રધાને કહ્યું કે આપણે ભારતીયો જ્યાં પણ જઈએ છીએ, અમે દરેકને પરિવારની જેમ માનીએ છીએ અને તેમની સાથે ભળીએ છીએ. વિવિધતાને સમજવી, તેને જીવવી, તેને આપણા જીવનમાં લાગુ કરવી... તે આપણા મૂલ્યોમાં છે. કોઈ તમિલ બોલે છે... કોઈ તેલુગુ, કોઈ મલયાલમ, કોઈ કન્નડ... કોઈ પંજાબી, કોઈ મરાઠી, કોઈ ગુજરાતી... ઘણી ભાષાઓ છે, પણ લાગણી એક છે... અને તે લાગણી છે - ભારતીયતા. આપણે એવા દેશના રહેવાસી છીએ જ્યાં સેંકડો ભાષાઓ અને બોલીઓ, વિશ્વના તમામ ધર્મો અને સંપ્રદાયો છે. તેમ



છતાં, અમે એકજૂથ અને ઉમદા રીતે આગળ વધી રહ્યા છીએ. દુનિયા સાથે જોડાવા માટે આ આપણી સૌથી મોટી તાકાત છે. આ મૂલ્યો સ્વાભાવિક રીતે જ આપણને વિશ્વ-મિત્ર બનાવે છે.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે ૨૦૨૪નું આ વર્ષ સમગ્ર વિશ્વ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. એક તરફ વિશ્વના ઘણા દેશો વચ્ચે સંઘર્ષ અને તણાવ ચાલી રહ્યો છે તો બીજી તરફ ઘણા દેશોમાં લોકશાહીની ઉજવણી કરવામાં આવી રહી છે. લોકશાહીની ઉજવણીમાં ભારત અને અમેરિકા પણ સાથે છે. તમને એક શબ્દ યાદ હશે ડઅજંઈડ (ફૂલ) ડ એટલે પ્રગતિશીલ ભારત, અ એટલે અણનમ ભારત, ૯ એટલે આધ્યાત્મિક ભારત, ઈ એટલે માનવતાને સમર્પિત ભારત, ડ એટલે સમળદ્ધ ભારત. પુષ્પ- ફૂલની પાંચ પાંખડીઓ મળીને વિકસિત ભારતનું નિર્માણ કરશે. આપણે દેશ માટે મરી ન શકીએ, પરંતુ દેશ માટે જીવી શકીએ છીએ.તેણે કહ્યું, પહેલા દિવસથી મારું મન અને મિશન એકદમ સ્પષ્ટ છે.

# બજાર માંથી ૧૦, ૨૦ અને ૫૦ રૂપિયાની નોટો ગાયબ થતા મધ્યમ વર્ગના લોકો પરેશાન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતના બજારોમાં છેલ્લા કેટલાક સમયથી નાની ચલણી નોટો ગાયબ થઈ રહી છે. રૂ.૧૦, રૂ.૨૦ અને રૂ.૫૦ની નોટોની અછતના કારણે શહેરી જ નહીં, ગ્રામીણ વસ્તી પણ પરેશાન થઈ રહી છે. ગરીબો પર સૌથી વધુ અસર જોવા મળી રહી છે. આ બાબતે લોકસભામાં કોંગ્રેસના નેતા મણિકમ ટાગોરે કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારામનને પત્ર લખી રજૂઆત કરી છે.



તેમણે પત્રમાં જણાવ્યુ હતુ કે અનેક રીપોર્ટોથી જાણવા મળ્યુ છે કે કેન્દ્રીય બેન્ક રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ નાની નોટો છાપવાનુ બંધ કર્યું છે. તેની પાછળનું કારણ યુપીઆઈ અને કેશલેસ ટ્રાન્જેકશનને પ્રોત્સાહન આપવાનુ જણાવાઈ રહ્યુ છે.

ગામડાના લોકોને પડી રહી છે તકલીફઃ મણિકમે જણાવ્યુ હતુ કે ડીઝીટલ ટ્રાન્જેકશનને પ્રોત્સાહન આપવાની વાત તો સમજમાં આવે છે પણ તેથી નાની નોટો બંધ કરી દેવી ઠીક નથી. આથી દરરોજ નોટોથી પેમેન્ટ કરનારને પરેશાની ઉઠાવવી પડે છે. નાનુ પેમેન્ટ કરનારાઓને તકલીફ પડે છે, કે જેઓ ડીઝીટલ પેમેન્ટ નથી કરી શકતા. ખાસ કરીને ગામડાના લોકોને વધુ તકલીફ પડે છે.

કોંગ્રેસ નેતાએ નાણામંત્રીને માગ કરી છે કે તેઓ આરબીઆઈને નાની નોટો ફરીથી છાપવાનો નિર્દેશ કરે. મણિકમે ગામડામાં ડીઝીટલ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર પર જોર દેવાની વાત કરી છે. રોજમદાર રેંકડી ચલાવનાર નાની કેશ પર નિર્ભર હોય છે. તેમને મુસીબતોનો સામનો કરવો પડે છે.

# ચાઈલ્ડ પોર્નોગ્રાફી જોવી કે ડાઉનલોડ કરવી અપરાધઃ સુપ્રિમ

## પોક્સો એક્ટ હેઠળ મહત્વપૂર્ણ ચૂકાદોઃ કાનુનમાં ચાઈલ્ડ પોર્નોગ્રાફી શબ્દ દૂર કરવા પણ આદેશઃ અપરાધની નવી વ્યાખ્યા દર્શાવી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ચાઈલ્ડ પોર્નોગ્રાફી અંગે એક મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે મોબાઈલમાં કે ઈલેકટ્રોનીક ગેઝેટમાં ચાઈલ્ડ પોર્નોગ્રાફી ડાઉનલોડ કરવી કે તે નિહાળવી તે પોક્સો એક્ટ હેઠળ અપરાધ છે. મદ્રાસ હાઈકોર્ટે અગાઉ આપેલા એક ચુકાદાને રદ કરતા સુપ્રિમ કોર્ટે બાળકોની અસ્લીલ ફિલ્મો અને તેના વિડીયો અંગે આપેલા ચુકાદો હવે સૌથી મહત્વનો બની ગયો છે.

મદ્રાસ હાઈકોર્ટે અગાઉ પોતાના ચુકાદામાં ચાઈલ્ડ પોર્નોગ્રાફી ડાઉનલોડ કરવી કે જોવી તે પોક્સો એક્ટ હેઠળ અપરાધ નથી તેવું જણાવ્યું હતુ ઉપરાંત ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ હેઠળ પણ તેને અપરાધ ગણ્યો ન હતો પરંતુ મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડ અને ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા તથા ન્યાયમૂર્તિ મનોજસિંહાની ખંડપીઠે પોર્નોગ્રાફીનો મૃત્યુઘંટ વાગી જાય તેવા આ ચુકાદામાં જણાવ્યું હતું કે હવે વ્યકિતગત રીતે પણ ચાઈલ્ડ પોર્નોગ્રાફી જોવી કે મોબાઈલ સહિતના ગેઝેટમાં તે ડાઉનલોડ કરવી કે સ્ટોર કરવી તે પણ એક અપરાધ બની ગયો છે.

સુપ્રિમ કોર્ટે આ માટે પોક્સો એક્ટમાં જરૂરી સુધારા કરવા પણ કેન્દ્ર સરકારને જણાવ્યું છે. સર્વોચ્ચ અદાલતના આ ચુકાદામાં પોક્સો એક્ટની કલમ ૧૫(૩) હેઠળ અપરાધ તરીકે આવરી લીધો હતો. આ ઉપરાંત આ પ્રકારનું મટીરીયલ કોઈપણ પ્રકારના લાભ માટે સ્ટોરેજ કરવું તેને પણ અપરાધ ગણાવ્યું હતું. સુપ્રિમ કોર્ટે તમામ અદાલતોને ચાઈલ્ડ પોર્નોગ્રાફી શબ્દનો ઉપયોગ પણ ન કરવા જણાવ્યું હતું.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે આઈટી એક્ટની કલમ ૬૭(બી) હેઠળ પણ આ પ્રકારના કૃત્યના અપરાધીને સજા મળી શકે છે. જેમાં ચાઈલ્ડ પોર્નોગ્રાફી પ્રસિદ્ધ કરવી કે પ્રદર્શિત કરવી અથવા તો તે ટ્રાન્સમીટ કરવી એટલે કે તેનો પ્રચાર કરવો આ પ્રકારનું મટ્રીરીયલ જેમાં બાળકોને જાતીય રીતે ઉશ્કેરીને તેમની વીડિયોગ્રાફી કે ફિલ્માંકન કરવું તે તમામ અપરાધ ગણાશે.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે મદ્રાસ હાઈકોર્ટે આ પ્રકારની પ્રવૃત્તિમાં અપરાધ નહીં ગણવાનો જે ચુકાદો આપ્યો છે તે ગંભીર ભુલ છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે મોબાઈલ કે અન્ય ગેઝેટમાં ટ્રાન્સમીટ થયેલા ચાઈલ્ડ પોર્નોગ્રાફી



મટીરીયલનો નાસ કરવો તે ભૂસી નાખવા જરૂરી બનશે નહીંતર તેને સ્ટોજ તરીકે ગણી લેવાશે અને આ પ્રકારના મટીરીયલ શેર પણ કરી શકાશે નહીં.

સુપ્રિમ કોર્ટે આ મામલે પોક્સો એક્ટમાં જરૂરી બદલવા કરવા પણ કેન્દ્ર સરકારને સૂચના આપી હતી અને સંસદને ચાઈલ્ડ પોર્નોગ્રાફી શબ્દના સ્થાને ચાઈલ્ડ સેક્સ્યુઅલ એક્સપ્લોટેટીવ એન્ડ એબ્યુજ મટીરીયલ (સીએસઈએએમ) તરીકે પણ ઓળખવા જણાવ્યું હતું અને તે માટે જરૂરી પડ વટ હુકમ બહાર પાડવા પણ ભલામણ કરી હતી. જેથી આઈટી એક્ટમાં પણ જરૂરી સુધારા કરવા પણ જણાવ્યું હતું.

# IPOમાં સ્ટ્રોંગ લીસ્ટીંગ પછી પણ શેરમાં તેજી આગળ ધપવાની કોઈ ગેરંટી નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજીના દોર વચ્ચે પ્રાયમરી માર્કેટમાં પણ અસામાન્ય ધમધમાટ ચાલી રહ્યો છે. દર અઠવાડીયે ઢગલાબંધ આઈપીઓ આવી રહ્યા છે અને તેમાં ઈન્વેસ્ટરો અઢળક નાણા ઠાલવી રહ્યા છે. લીસ્ટીંગનાં દિવસે જ તગડી કમાણી થતી હોવાથી ઈન્વેસ્ટરોમાં ક્રેઝ છે. ગેરેંટી નથી છેલ્લા મહિનાઓમાં આઈપીઓ લાવનાર કંપનીઓનાં શેરના ભાવના વિશ્લેષણ પરથી એવુ માલુમ પડે છે કે લીસ્ટીંગ બાદ અનેક કંપનીઓનાં ભાવમાં ઘટાડો થઈ ગયો હતો.

જાન્યુઆરી ૨૦૨૩ થી આજ સુધીનાં અંદાજીત ૨૦-૨૧ મહિનામાં ૧૦૦ થી વધુ મેઈન બોર્ડન આઈપીઓનું લીસ્ટીંગ થયુ હતું. તેમાંથી ૨૧ કંપનીઓના શેરોમાં લીસ્ટીંગના દિવસે ૫ થી ૨૦ ટકાની સર્કીટ લાગી હતી.પરંતુ તેમાંથી અર્ધોઅર્ધ કંપનીઓનાં શેરોમાં પછી તેજી જળવાઈ શકી ન હતી.

એક મહિનામાં લીસ્ટીંગ થયેલી ૧૮ માંથી ૧૨ કંપનીઓનાં શેરો ત્યારબાદનાં એક મહિનામાં ૪.૪ ટકાથી માંડીને ૪ ટકા વધી ગયા હતા.જયારે ૮ માં ૭ થી ૯૦ ટકાનું વધારાનું રીટર્ન મળ્યુ હતું.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ટુંકા ગાળામાં જ નફો ઈચ્છતા મોટાભાગનાં ઈન્વેસ્ટરો લીસ્ટીંગનાં દિવસે જ શેરો વેંચી નાખતા હોય છે. લીસ્ટીંગ પછીના એક મહિનામાં સૌથી વધુ ૮૯.૭ ટકાની કમાણી કરાવી દેનારી કંપની આરબીઝેડ જવેલર્સ બની હતી.

લીસ્ટીંગ બાદ તેના શેરના ભાવમાં કુલ ૪૫.૬ ટકાનો વધારો છે. જયારે સૌથી નબળુ પરફોમન્સ વિભોર સ્ટીલનું હતું. લીસ્ટીંગ બાદ કંપનીઓનો શેર ૩૪ ટકા ઘટી ગયો છે.જાણકારોનાં કહેવા પ્રમાણે લીસ્ટીંગ પછી પણ શેર જાળવી રાખવા માંગતા ઈન્વેસ્ટરોએ મુવમેન્ટ પર ખાસ વોચ રાખવી જોઈએ.





શેરની કિંમત લીસ્ટીંગ ભાવથી ઉપર જળવાઈ રહે છે તે કેમ તે ચકાસવુ જોઈએ. કિંમત લીસ્ટીંગ ભાવથી નીચે ઉતરી જાય તો નબળાઈ હોવાનું માની શકાય.

ચાલુ મહિનામાં જ લીસ્ટેડ કંપનીઓમાં ટોલનીસ ટાયર્સ, તિરૂપતી બાલાજી એગ્રો, ઓરીએન્ટ ટેકનોલોજી, બજાજ હાઉસીંગ, લીસ્ટીંગ બાદ નીચા થતા હોવાનું સૂચક છે.

# ચૂંટણી પૂર્વે ટ્રમ્પનું એલાનઃ પરાજીત થઈશ તો પછી કયારેય ચૂંટણી નહી લડુ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમેરિકી રિપબ્લિકન રાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે એક ઈન્ટરવ્યુમાં કહ્યું જો તેઓ ૫ નવેમ્બરે ચૂંટણી હારી જશે તો તેઓ સતત ચોથી વખત અમેરિકી રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી નહીં લડે.જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ વ્હાઈટ હાઉસ માટે તેમની ત્રીજી બિડમાં સફળ ન થાય તો શું તે ચાર વર્ષ પછી ફરીથી ચૂંટણી લડશે ?

તેનાં પર પૂર્વ રાષ્ટ્રપતિએ કહ્યું કે ના, મને એવું નથી લાગતું. મને એવું બિલકુલ નથી લાગતું. મને આશા છે કે અમે આ વખતે ચોક્કસપણે સફળ થઈશું.ટ્રમ્પને ડેમોક્રેટિક યુએસ વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસથી સખત સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે.



રાષ્ટ્રપતિ જો બાઈડેન રેસમાંથી ખસી ગયાં પછી ડેમોક્રેટિક પાર્ટીએ કમલા હેરિસને તેનાં પ્રમુખપદના ઉમેદવાર બનાવ્યાં હતાં. હાલમાં બંને સખત સ્પર્ધામાં છે. વિજેતા નક્કી કરવા નિર્ણાયક બની શકે છે. કમલા હેરિસે પણ દેશવ્યાપી ચૂંટણીમાં લીડ મેળવવાનું શરૂ કરી દીધું છે.

# બિહારમાં ફરી એકવાર નિર્માણાધીન પુલ તૂટી પડ્યો

## સિક્સ લેનનો નિર્માણાધીન ગંગા મહાસેતુ પુલ ધરાશાયી

**મુખ્ય સમાચાર,બિહાર**

બિહારમાં ફરીથી એક નિર્માણાધીન પુલ તુટી ગયો છે. બખ્તિયારપુર-તાજપુર સિક્સ લેનના નિર્માણાધીન પુલના નંદની લગુનિયા રેલવે સ્ટેશનની ઉત્તરમાં બે થાંભલા રવિવારે રાત્રે તૂટી પડ્યાં હતાં. આ પછી, બ્રિજના નિર્માણમાં રોકાયેલી નવયુગા એન્જિનિયરિંગ કંપની લિમિટેડના અધિકારીઓમાં હંગામો થયો હતો. રાત્રીનાં અંધકારમાં લાઈટો લગાવીને કંપનીનાં અધિકારીઓ અને કામદારોએ જેસીબીની મદદથી ધરાશાયી થયેલાં પુલનો કાટમાળ માટી નીચે દાટી પુરાવાનો નાશ કરવાનું શરૂ કર્યું હતું.

જો કે, માહિતી મળતાં જ ઘટનાસ્થળે લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી અને કેટલાક લોકોએ આ ઘટનાનો વીડિયો પણ બનાવ્યો હતો. આ મામલામાં કંપનીના પ્રોજેક્ટ મેનેજર જોસેફે જણાવ્યું હતું કે સ્લેબમાં ખામી હતી, જેનાં કારણે તેને તોડી પાડવામાં આવ્યો હતો. સ્લેબ પોતાની મેળે પડ્યો ન હતો. શાહપુર પટોરી અને મોહિઉદ્દીનનગર વચ્ચે નંદિની લગુનિયા રેલ્વે સ્ટેશન પાસેની આ ઘટનાના કારણે બ્રિજની ગુણવત્તા સામે પણ પ્રશ્નો ઉભા થયાં છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારે ૨૦૧૧ માં તેમનાં ડ્રીમ પ્રોજેક્ટ તરીકે



બખ્તિયારપુર-તાજપુર ગંગા મહાસેતુનો શિલાન્યાસ કર્યો હતો. ૪૫ કિલોમીટર લાંબા લિંક રોડ અને ૫.૫૭૫ કિલોમીટર લાંબા પુલના નિર્માણમાં કુલ ૧૬૦૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.હજુ સુધી બ્રિજનું માત્ર ૬૦ ટકા કામ પૂર્ણ થયું છે. તેનાં પર ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ પુલ વર્ષ ૨૦૧૬ માં જ તૈયાર થઈ જવાનો હતો. પરંતુ, વર્ષ ૨૦૨૪ માં પણ કામ પૂર્ણ થઈ શક્યું નથી. મહાસેતુના નિર્માણમાં રાજ્ય સરકાર દ્વારા ૩૦૭.૫૦ કરોડ રૂપિયા અને કેન્દ્ર સરકાર દ્વારા ૨૭૭.૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

# પંજાબના ભટિંડામાં ટ્રેન ઉથલાવી નાખવાનું ષડયંત્ર ઝડપાયુંઃ રેલવે ટ્રેક પરથી લોખંડના સળિયા મળ્યા : મોટી દુર્ઘટના ટળી

## કોઈએ કાવતરાના ભાગરૂપે જાણી જોઈને રેલ્વે ટ્રેક પર સળિયા મૂકયા કે પછી આ ઘટના પાછળ કોઈ અન્ય કારણ

**મુખ્ય સમાચાર,ભટિંડા**

ગુજરાતમાં વડોદરા, ઉત્તરપ્રદેશના કાનપુર અને રામપુર બાદ હવે પંજાબના ભટિંડામાં મોટી રેલ દુર્ઘટના ટળી હતી. અહીં દિલ્હી-ભટિંડા રેલવે ટ્રેક પર લોખંડના સળિયા મળી આવ્યા છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે કોઈએ કાવતરાના ભાગરૂપે જાણી જોઈને રેલ્વે ટ્રેક પર સળિયા મૂકયા કે પછી આ ઘટના પાછળ કોઈ અન્ય કારણ છે. આ મામલે રેલવે પોલીસે ગુનો નોંધ્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, રવિવારે સવારે ૩ વાગ્યે ભટિંડા-દિલ્હી રેલવે ટ્રેક પરથી એક માલગાડી પસાર થઈ રહી હતી. પરંતુ પાટા વચ્ચે મુકવામાં આવેલા લોખંડના સળિયાને કારણે ટ્રેનને કોઈ સિગ્નલ મળ્યું ન હતું. તપાસ કરતાં ટ્રેક પરથી ૯ લોખંડના સળિયા મળી આવ્યા હતા. આ સમગ્ર ઘટનામાં ટ્રેન થોડા કલાકો મોડી આગળ વધી શકી હતી. હાલ પોલીસે અજાણ્યા વ્યક્તિ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. છેલ્લા કેટલાક દિવસોથી રેલવે ટ્રેક પર કંઈક ને કંઈક શોધવાની પ્રક્રિયા ચાલી રહી છે. એક દિવસ પહેલા જ કાનપુરમાં ટ્રેનને ઉથલાવી દેવાના ષડયંત્રને નિષ્ફળ બનાવવામાં આવ્યું હતું. મહારાજપુરના પ્રેમપુર રેલ્વે સ્ટેશન પાસે પાટા પર એલપીજી ગેસ સિલિન્ડર રાખવામાં આવ્યો હતો. જો કે, લોકો પાયલટની બાતમીથી અકસ્માત ટળી ગયો, તેણે તરત જ ટ્રેન રોકી અને અધિકારીઓને તેની જાણ કરી. કાનપુરમાં છેલ્લા કેટલાક દિવસોમાં આ ત્રીજી ઘટના બની હતી. કાનપુરમાં ટ્રેનને ઉથલાવી દેવાનું કાવતરું






અગાઉ ૮ સપ્ટેમ્બરે ઘડવામાં આવ્યું હતું, જયારે કાનપુરમાં કાલિંદી એક્સપ્રેસ ટ્રેનને રાત્રે ૮.૩૦ વાગ્યે ઉડાવી દેવાનું ષડયંત્ર બહાર આવ્યું હતું. પ્રયાગરાજથી ભિવાની જઈ રહેલી કાલિંદી એક્સપ્રેસ રેલ્વે ટ્રેક પર રાખવામાં આવેલા એલપીજી ગેસથી ભરેલા સિલિન્ડર સાથે અથડાઈ હતી. આ પછી જોરદાર અવાજ પણ થયો. સ્થળ પરથી પેટ્રોલ ભરેલી બોટલ અને ગનપાઉડર સાથે માચીસની લાકડીઓ પણ મળી આવી હતી. આ કેસની તપાસ ગઈઅને સોંપવામાં આવી હતી.

# જામનગર પાલિકામાં ઓફિસ સુપ્રિટેન્ડન્ટ સામે જાતીય સતામણીની ફરિયાદથી ખળભળાટ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગર પાલીકાની ચર્ચાસ્પદ આઈસીડીએસ શાખામાં ઓફિસ સુપ્રિટેન્ડન્ટ સામે પાંચ જેટલી મહિલા કર્મચારીઓએ જાતીય સતામણીની ફરિયાદ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. મહિલાઓનો આરોપ છે કે, ઓફિસ સુપ્રિટેન્ડન્ટ તેમની સામે એકીટસે જોયા રાખે છે તેમજ ગમે તે બહાને મહિલાઓને સ્પર્શ કરે છે. આ બાબતે હવે મહાપાલિકામાં તપાસ શરૂ થઈ ગઈ છે. પ્રાપ્ત વિગત અનુસાર મહાનગરપાલિકાની આઈ સીડીએસ શાખા અગાઉ પણ અનેક વિવાદોમાં આવી ચૂકી છે ત્યારે હવે આઈસીડીએસ વિભાગના ઓફિસ સુપ્રિટેન્ડન્ટ સામે આ કચેરીમાં જ કામ કરતી પાંચ જેટલી મહિલા કર્મચારીઓએ જાતીય સતામણીનો આરોપ લગાડી કમિશનર સહિત ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. મહિલાઓએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છેકે, આરોપી ઓફિસ સુપ્રિટેન્ડન્ટ તેમને એકટસે જોયા રાખે છે તેમજ ગમે તે બહાને કરીને તેમને સ્પર્શ કરે છે, આ ઉપરાંત પણ અનેક આરોપો મૂકવામાં આવ્યા છે. મહાપાલિકામાં જાતીય સતામણીની આ ફરિયાદથી ભારે ચક્ચાર મચી જવા પામી છે. ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ મામલની ગંભીરતાને ધ્યાને લઈને તાત્કાલિક તપાસ શરૂ કરી દેવામાં આવી છે અને આ બાબતે શું તથ્ય છે તે



જાણવા કમિટી રચાઇ તેમજ પીડીત મહિલાઓ અને અન્યના નિવેદનો લેવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. મહાનગરપાલિકામાં એક ચર્ચા એવી પણ ચાલી રહી છે કે, આઈસીડીએસમાં વર્ષોથી ઘર કરી ગયેલી મહિલાઓ કોઈને પણ ટકવા દેતી નથી તેમજ તેમની પાસે કામ લેવામાં આવે તો તેઓ વિરોધ કરી આ વ્યકિત કે અન્યને હેરાન કરે છે, ઓફિસ સુપ્રિટેન્ડન્ટ પણ કદાચિત કડક કાર્યવાહી કરતા જાતીય સતામણીની ફરિયાદનો ભોગ બન્યો હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

# મોરબીમાં બગથળા ખાતે બલડ ડોનેશન કેમ્પ યોજાયોઃ ૪૨ યુનિટ બ્લડનું કલેક્શન કરાયું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના બગથળા ખાતે નકલંક ધામના મહંત દામજી ભગત, જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધી તથા ટંકારા ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોરબી જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ તથા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ડી.બી. મહેતાના માર્ગદર્શન હેઠળ મોરબી તાલુકા હેલ્થ કચેરી, મોરબી ઋખઊછજ મેડીકલ કોલેજ, તથા બગથળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સહયોગથી બગથળામાં પટેલ સમાજવાડી ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહંત, જીલ્લા પંચાયત પ્રમુખ અને ધારાસભ્ય દ્વારા કાર્યક્રમને અનુરૂપ પોતાનાં હકારાત્મક વિચારો રજૂ કરી ઉપસ્થિત લોકોને બહોળી માત્રામાં આ કેમ્પમાં રક્તદાન કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં બગથળા ગામમાંથી તેમજ આજુબાજુના ગામમાંથી આવેલ લોકો દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે કુલ ૪૨ યુનિટ બ્લડનું કલેકશન કરવામાં આવ્યું હતું.આ કેમ્પને સફળ બનાવવા માટે આરોગ્ય શાખાનાં એપેડેમીક મેડીકલ ઓફિસર ડો.બાવરવા, જીલ્લા ઈઊઈ ઓફિસર સંઘાણીભાઈ, મોરબી તાલુકા હેલ્થ ઓફિસર ડો.કોટડીયા, બગથળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર ડો.હિરેન વાંસદડીયા તેમજ બગથળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આરોગ્ય સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.



# જામનગર શહેરના વ્હોરાના હજીરામાં આવેલ દરગાહની અંદર દાનપેટી તોડી ચોરી કરનાર બે શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરના વ્હોરાના હજીરામાં આવેલ દરગાહની અંદર દાનપેટી તોડી ચોરી કરનાર બે ઈસમોને મોરબી સિટી બી ડીવીઝન પોલીસે ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હતી, તે બંને પાસેથી રૂપિયા એક લાખ પાંચ હજારની રોકડ રકમ અને બુલેટ મોટરસાયકલ કબજે કરવામાં આવ્યું મોરબી સિટી બી ડીવીઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. એ દરમિયાન બાતમી મળી દિવસ જામનગરમાં સુભાષબ્રિજ પાસે વ્હોરા સમાજની દરગાહમાં થયેલી રૂા.૧.૭૫ લાખની ચોરીના બે આરોપીઓ બૂલેટ લઈને મોરબીમાં ચોરી કરવા માટે માળિયા બાજુથી નવલખી ફાટક તરફ આવી રહ્યાં છે. જે બાતમી મળતાં ટીમે વોચ ગોઠવી હતી અને બૂલેટમાં આવી રહેલા બે આરોપીઓ સિકંદર ઉર્ફે સિકલો સીઠીકર પઢીયાર (રહે. રાજકોટ) અને વિવેક બિરેનદ્રસિંધ



ચૌહાણ (રહે. હાલ રાજકોટ, મૂળ યુપી)ને ઝડપી લીધા હતા. જેમાં આરોપી સિકંદર પાસેથી રોકડ રૂા.૫૦ હજાર અને આરોપી વિવેક પાસેથી રોકડ રૂ.૫૫ હજાર સહિતનો મુદ્દામાલ કબ્જે કરાયા હતા.જે બન્ને આરોપીઓ રીઢા ગુનેગાર છે. જેમાં સિકંદર વિરૂધ્ધ જામનગર અને જેતપુર તાલુકામાં કુલ ત્રણ ચોરીના ગુના નોંધાઈ ચૂક્યા છે, તો આરોપી વિવેંક વિરૂધ્ધ ગાંધીગ્રામ, પ્ર.નગર, માલવિયાનગર, એ. ડિવિઝન સહિત રાજકોટમાં ૧૭ જેટલા ગુના નોંધાઈ ચૂક્યાં છે.દરગાહમાં હાથફેરો કર્યા બાદ રાજકોટના બન્ને શખ્સો મોરબીમાં હાથફેરો કરવા આવતાં પોલીસનાં સકંજામાં સપડાઈ ગયા હતા.જામનગરના ગુલાબનગર પોલીસ ચોકીના પી.એસ.આઈ. આર.પી. અસારી બન્ને આરોપીઓ નો કબ્જો લેવા મોરબી પહોંચી જઈ, બંને આરોપીઓનો કબજો સંભાળ્યો છે, અને તેઓ બંને પાસેથી રૂપિયા ૧.૦૫ લાખ ની રોકડ રકમ અને બુલેટ મોટર સાયકલ કબજે કરી લઈ તેઓને જામનગર લઈ આવ્યા છે, અને બંનેને રિમાન્ડની માંગણી સાથે જામનગરમાં અદાલત સમક્ષ રજૂ કરવામાં આવી રહ્યા છે.

# ઉપલેટામા આઈ.સી.ડી.એસ દ્વારા નિવૃત આંગણવાડીના બહેનોને ગ્રેચ્યુઈટીની રકમના ચેકથી આપવામા આવ્યા

## કુલ ૨૪ સીનીયર બેહનો ને બીજા તબક્કામા ચેકથી ચૂકવણી કરાઇ





**મુખ્ય સમાચાર,ઉપલેટા**

તમામ નિવૃત્ત આંગણવાડી કર્મચારી વર્કર હેલ્પર બહેનો ને ગ્રેચ્યુઈટી ચૂકવણી કરવામાં આવી રહી છે.

કુલ ૨૪ નિવૃત આંગણવાડી કાર્યકર બેહનો ને ગ્રેચ્યુઈટી ના ૨૩ લાખ થી વધુ ના રકમ ના ચૂકવણી ચેક થી કરવામા આવી છે નિવૃત કાર્યકર બહેનોને ગ્રેચ્યુઈટી રકમ ચેક થી આપવામા આવ્યા હતા.

ઉપલેટા તાલુકા મા આઈ.સી.ડી.એસ ઘટક દ્વારા ઉપલેટા તાલુકામાં નિવૃત થયેલા આંગણવાડી કાર્યકર બેહનો ને ગ્રેચ્યુઈટી ની રકમ ચૂકવણી ચેક ૨૪ બેહનો આપવામાં આવ્યા હતા યાદી મા બાળ વિકાસ યોજના અધિકારી ઉર્વશીબા જાડેજા જણાવ્યું છે.

ઉપલેટા તાલુકાના ગ્રેચ્યુઈટી ચૂકવણીના બીજા તબક્કામાં સિનીયોરિટી લિસ્ટ મુજબ ૨૪ કાર્યકર બહેનોને તાલુકા પંચાયત પ્રમુખ શ્રી નાં હસ્તે ચેક અપાયેલ છે કોડીનેટર પ્રતીક ભાઈ ગજેરા, વનરાજ ભાઈ વાળા પાસે થી વિગતો સાથે જાણવા મળ્યું છે.

# લાંચ કેસમાં પોલીસકર્મીને કોર્ટે દોઢ વર્ષની સજા ફટકારી

જામનગર શહેરમાં વર્ષ ૨૦૧૧માં મનોરંજન લાયસન્સ માટે વેપારી પાસે લાંચ લેતા રંગેહાથ ઝડપાયેલા પોલીસકર્મી સામે નોંધાયેલા અઈઈ ગુનાનો કેસ ચાલી જતાં કોર્ટે આરોપી પોલીસ કર્મચારીને દોઢ વર્ષની જેલ સજા અને રૂ.૨૦૦૦ના દંડનો હુકમ કર્યો છે.શહેરમાં પંચેશ્વર ટાવર રોડ ઉપર હોટેલ એન્ડ કોલ્ડડ્રીંક્સની દુકાનના મનોરંજન લાયસન્સ માટે ધંધાર્થી વશરામભાઈ બીજલભાઈ ઢાપાએ અરજી કરી હતી. જેના માટે પોલીસ અભિપ્રાય માટે સીટી–એ પોલીસ સ્ટેશન મથકના પોલીસ કર્મી સુનિલ વિનોદરાય રાવલ દ્વારા લાયસન્સનો અભિપ્રાય આપવા રૂ.૪૦૦૦ ની માંગણી કરી હોવાની વેપારી ધંધાર્થીએ અઈઈમાં ફરિયાદ કર્યા બાદ તા.૨૩–૪–૨૦૧૧ ના રોજ ફરિયાદીની દુકાને જ ગોઠવાયેલા અઈઈ છટકામાં પોલીસ કર્મચારી લાંચની રકમ સ્વીકારતા પકડાઈ જતાં અઈઈ દ્વારા તેના સામે ફરિયાદ નોંધી હતી. જે કેસ અત્રેની સેસન્સ કોર્ટમાં ચાલી જતાં અદાલતે બંને પક્ષોની રજુઆત સાંભળીને સરકારી વકીલ એચ. ડી. મહેતાની રજુઆતો, સરકાર પક્ષના પુરાવા– દલીલો ગ્રાહ્ય રાખીને આરોપી પોલીસ કર્મચારીને દોઢ વર્ષની જેલ સજા અને રૂ.૨૦૦૦ નો દંડ ફરમાવ્યો છે.

# મોરબીના વાવડી રોડ ઉપર રહેણાંકમાં ચાલતુ જુગારધામ ઝડપાયું,૭ જુગારી ઝબ્બે

સીટી એ ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે વાવડી રોડ ઉપર આવેલ બાવળીયાપીરની દરગાહ પાસે ઓમ શોપિંગ સેન્ટરના બીજા માળે આવેલ અનિલભાઈ હડીયલના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી ચલાવવામાં આવતા જુગારના અખાડામાં રેઈડ કરવામાં આવી હતી. ત્યારે પોલીસે સ્થળ ઉપરથી તીનપત્તીનો જુગાર રમી રહેલા અનિલભાઈ મલાભાઈ હડીયલ ઉવ.૩૮ રહે.વાવડી રોડ ઓમ શોપિંગ સેન્ટર બીજામાળે, મહેન્દ્રભાઇ વેલજીભાઇ ડાભી ઉવ.૪૦ રહે.શકત શનાળા ધુડની વાડી, કીરીટભાઈ માવજીભાઈ હડીયલ ઉવ.૪૫ રહે. વાવડી રોડ ગણેશનગર, ભવાનભાઈ પ્રેમજીભાઈ કંઝારીયા ઉવ.૫૪ રહે.વાવડી રોડ હદાણીની વાડી, હસમુખભાઈ નારણભાઈ કંજારીયા ઉવ.૪૧ રહે. વાવડી ચોકડી રંગાણીની વાડી, ગીરીશભાઈ વશરામભાઇ નકુમ ઉવ.૪૮, શાંતિલાલ દેવકરણભાઈ કંઝારીયા ઉવ.૩૯ બંનેરહે.દલવાડી સર્કલ મસાલની વાડીવાળાને રોકડા રૂપિયા ૬૧,૫૦૦/–સાથે ઝડપી લઈને આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


# મોરબીની મુખ્ય પોસ્ટ ઓફીસ પાછળ પાર્ક કરેલ બાઇકની ઉઠાંતરીની ફરિયાદ નોંધાઈ

મોરબીમાં વધુ એક બાઇક ચોરી અંગે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેમાં મોરબી પરાબજારમાં આવેલ મુખ્ય પોસ્ટ ઓફીસ પાછળ આવેલ જલારામ સ્ટોર સામે પાર્ક કરેલ હીરો સ્પ્લેન્ડર પ્લસ બાઇકની કોઈ અજાણ્યો વાહન ચોર ચોરી કરી લઇ ગયા અંગે વાહન ધારક આધેડ દ્વારા એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. બાઇક ચોરીની મળતી માહિતી અનુસાર નવલખી રોડ યમુનાનગર શેરી નં.૬માં રહેતા સંદીપભાઈ અંબાલાલ તુવેર ઉવ.૪૪ વાળા ગઈ તા.૧૯ મે ના રોજ સાંજના પોતાનું હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ રજી. નં. જીજે–૩૬–કે–૮૯૦૦ વાળું બાઇક પરાબજાર મુખ્ય પોસ્ટ ઓફીસ પાછળ જલારામ સ્ટોરની સામે પાર્ક કરી ભચાઉ કચ્છમાં ગયા હોય ત્યારે ત્યાંથી કોઈ અજાણ્યો ચોર ઈસમ આ બાઇકની ચોરી કરીને લઈ ગયો હોય જેથી સંદીપભાઈએ પ્રથમ ઈ–એફઆઈઆર બાદ ગઈકાલ ના રોજ રૂબરૂ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પોતાના બાઇકની ચોરી અંગે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે બાઇક ચોર આરોપી સામે ગુનો દાખલ કરી તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબી તાલુકાના જાંબુડીયા નજીક એકટીવામાં દેશી દારૂની હેરાફેરી કરતા એક ઝડપાયો,મહિલા સપ્લાયરનું નામ ખુલ્યું

મોરબી તાલુકાના જાંબુડીયા ગામ નજીક પાવર હાઉસની સામે એકટીવા મોપેડમાં દેશી દારૂની હેરાફેરી કરતા એક શખ્સને તાલુકા પોલીસે ઝડપી લીધો હતો. ત્યારે પકડાયેલ આરોપીની સઘન પૂછતાછમાં દેશી દારૂનો જથ્થો મહિલા આરોપી પાસેથી લઈ આવ્યાની કબુલાત આપતા મહિલા આરોપીને ફરાર દર્શાવી તેની અટક કરવા તજવીજ હાથ ધરી હતી. હાલ પોલીસે આરોપી પાસેથી દેશી દારૂનો જથ્થો તેમજ એકટીવા મોપેડ કબ્જે કરી બંને આરોપીઓ સામે પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. મોરબી તાલુકા પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે જાંબુડીયા ગામ નજીક આવેલ પાવર હાઉસની સામેથી આરોપી રાજુભાઈ વાસુદેવભાઈ ભંભાણી ઉવ.૫૦ રહે–લાભનગર ધર્મપુર રોડ તા.જી.મોરબીવાળાને હોન્ડા કંપનીના એકટીવા રજી.નં. જીજે–૩૬–એન–૭૮૭૩માં દેશી દારૂની ખેપ મારતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે. ત્યારે તાલુકા પોલીસે સ્થળ ઉપરથી પ્લાસ્ટિકના બાચકામાં ૨૫ લીટર દેશી દારૂ સાથે આરોપીની અટકાયત કરવામાં આવી હતી. આ સાથે પોલીસે દેશી દારૂ અંગે પકડાયેલ આરોપીની આગવી ઢબે પૂછપરછ કરતા યાસ્મીનાબેન ઉર્ફે આરતીબેન સંજયભાઈ અગેચણીયા રહે–શોભેશ્વરનગર મોરબી ૦૨ પાસેથી દેશી દારૂનો જથ્થો વેચાણ કરવાના ઈરાદે લઈ આવ્યાની કબુલાત આપતા પોલીસે મહિલા આરોપીને ફરાર દર્શાવી બંને આરોપીઓ સામે પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ સાથે પોલીસે એકટીવા મોપેડ તથા દેશીદારૂસહિત કિ.રૂ.30 હજારનો મુદ્દામાલ કબ્જે લઈ આગળની તપાસ હાથ ધરી છે.

# વાંકાનેરના વઘાસિયા ટોલનાકા પાસેથી દેશી દારૂ ભરેલ ઈનોવા સાથે બે શખ્સો પકડાયા



**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર સીટી પોલીસ ટીમ દ્વારા વઘાસીયા ટોલનાકા પાસેથી ૪૦૦ લીટર દેશી દારૂ ભરેલ ઈનોવા ગાડી સાથે રાજકોટના બે આરોપીઓની અટકાયત કરી બંને આરોપીઓ સામે પ્રોહી. એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વાંકાનેર સીટી પોલીસ મથક ટીમ વાહન ચેકીંગ કામગીરીમાં હોય તે દરમિયાન મળેલ ખાનગીરાહની બાતમીને આધારે વઘાસીયા ટોલનાકા પાસેથી ઈનોવા કાર રજી.નં. જીજે-૦૧-એચપી-૪૭૧૯ માંથી ૪૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ. ૮૦ હજાર સાથે આરોપી મહેન્દ્રસિંહ વિક્રમસિંહ જાડેજા ઉવ.૪૨ રહે.રાજકોટ મયુરનગર મેઈન રોડ તથા આરોપી જેનીશભાઈ રાયધનભાઈ ચૌહાણ ઉવ.૨૪ રહે.રાજકોટ ચુનાળાવાસ શેરી નં–૨–૩ ની વચ્ચેવાળાને પકડી લેવામાં આવ્યા હતા. આ સાથે પોલીસે દેશી દારૂ તથા ઈનોવા કાર સહિત ૨.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બંને આરોપીઓ સામે પ્રોહી.હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# ઉનાના અહેમદપુર માંડવી બીચ પર બ્લુ ફ્લેગઆંતરરાષ્ટ્રીય કોસ્ટલ કલીનઅપ ડેની ઉજવણી કરવામાં આવી

## દરિયા કિનારે સ્વચ્છ અભિયાન હાથ ધરવામાં આવ્યું



અહેમદપુર માંડવી બીચ બ્લુ ખાતે આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લીનઅપ ડેની ઉજવણી કરી ત્યારે દર વર્ષે હજારો ટન કચરો સમુદ્રમાં જાય છે, જેમાંથી ઓછામાં ઓછો ૬૦% પ્લાસ્ટિક સામગ્રીનો બનેલો હોય છે. પ્લાસ્ટિક, ખાસ કરીને, સમુદ્રમાં ખૂબ લાંબો સમય રહે છે અને તે એટલું વિપુલ પ્રમાણમાં છે કે સમુદ્રના દરેક ચોરસ માઈલમાં પ્લાસ્ટિકના ૪૬,૦૦૦ વ્યક્તિગત ટુકડાઓ છે! પૃથ્વીના મહાસાગરોના સ્વાસ્થ્ય માટે આ આપત્તિજનક સ્થિતિ છે, જેની સીધી અસર તેના લોકોના સ્વાસ્થ્ય પર પડે છે. આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લીનઅપ ડેની ઉજવણી કરવાનો અને માનવો, છોડ અને પ્રાણીઓ માટે ગ્રહને વધુ સ્વચ્છ બનાવવા માટે મદદ કરવાનો સમય છે . ગીર ફોરેસ્ટ નવાબંદર રાઉન્ડ ફોરેસ્ટર સાથે સ્ટાફ નલીયા માંડવી ગામના સરપંચ પ્રતિનિધિ રફીક ભાઈ, ધર્મેન્દ્ર ગોસ્વામી, ડોકટર દાફડા તમામ લોકો સાથે આજે દરિયાકાંઠાના અહેમદપુર માંડવી બીચ બ્લુ ફ્લેગ બીચ પર કોસ્ટલ સ્વચ્છતા અભિયાન પ્રારંભ કરી દરિયા કિનારાને સ્વચ્છ કરવામાં આવેલો તેમજ એક વૃક્ષ માતાના નામ વૃક્ષારોપણ કરવામાં આવ્યું (તસવીર :– અબ્દુલ પઠાણ ઉના)

# ઉના માં ઈદે મિલાદુન નબીના તહેવાર લઈને મુસ્લિમ સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં એકત્ર થયા



ઉના શહેરમાં ઈદે મિલાદુન નબીના તહેવારને લઈને મુસ્લિમ સમાજના આગેવાનોને આમંત્રણ આપવામાં આવ્યું જેમાં મુસ્લિમ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા એમ જી નકલી સાહેબે ખૂબ સારો સંદેશો પણ આપ્યો તેમાં કહ્યું કે આપણે બધા એક રહીએ આગળ વધીએ અને અને સમાજના લોકોને પણ આગળ વધાવીએ શિક્ષણ તરફ આપણા બાળકોને લઈ જઈએ ત્યારે મુસ્લિમ સમાજના આગેવાનોમાં અબ્બાસભાઈ સુમરાણી ઈકબાલભાઈ હાજી ઓસમાણભાઈ કાજી નોબોલ કરીયાણાના માલિક રસિકભાઈ બાદશાહ સુલતાન ભાઈ તેમજ દાદાબાપુ હુસેન બાપુ મુસ્લિમ સમાજના તમામ આગેવાનો હાજર રહી અને આ કાર્યક્રમ યોજાયો હતો

# માળીયા(મી)માં જમવા બાબતના ઝઘડાનો ખાર રાખી પ્રૌઢની લાકડાના ધોકા ફટકારી હત્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી)માં જમવા બાબતમાં થયેલ ઝઘડાનો ખાર રાખી બે શખ્સોએ પ્રૌઢને લાકડાના આડેધડ ધોકાનો મરણતોલ માર મારી પ્રૌઢની હત્યા નિપજાવી બંને ખૂની શખ્સો ફરાર થઇ ગયા હતા. ત્યારે હત્યાના ગંભીર બનાવને પગલે માળીયા(મી) પોલીસે પૂર્વ બાતમીને આધારે બંને ખૂની આરોપીઓને દબોચી લઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી જીલ્લાના માળીયા(મી) ગામમાં હત્યાનો બનાવ સામે આવ્યો છે જેમાં ગત તા. ૨૧/૦૯ના રાત્રે મોવર ટીંબા વિસ્તારમાં રહેતા ચંદુભાઈ લાધાભાઈ નામના ૫૮ વર્ષીય પ્રૌઢની આ જ વિસ્તારમાં રહેતા નૂરમામદ ઉર્ફે ચવો અલ્લારખા મોવર તથા રઝાક ગફુર મોવર રહે બન્ને મોવર ટીંબાવાળાએ જમવાની બાબતની બોલાચાલી બાદ ઝઘડો થયો હોય જેનો ખાર રાખી બંને હત્યારાઓએ પ્રૌઢને લાકડાના ધોકાના આડેધડ જીવલેણ ઘા મારી ચંદુભાઈનું મોત નિપજાવી દીધું હતું. ત્યારે હત્યાના આ બનાવમાં મૃતક ચંદુભાઈના પુત્રએ માળીયા(મી) પોલીસ મથકમાં બંને હત્યારાઓ સામે ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે બંને આરોપીઓ સને હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી બંને આરોપીઓને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ઉપરોક્ત હત્યાના બનાવ અંગે મૃતકના પુત્રની ફરિયાદને આધારે બંને હત્યારા આરોપીઓની શોધખોળ ચાલુ હોય તે દરમિયાન માળીયા(મી) પોલીસ મથકના પીઆઈ આર.સી.ગોહિલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હોય ત્યારે તેઓને ખાનગીરાહે મળેલ બાતમીને આધારે હત્યાના આરોપી નૂરમામદ ઉર્ફે ચવો



અલ્લારખા મોવર ઉવ.૪૫ રહે.જુના રેલ્વે સ્ટેશન વાડા વિસ્તાર માળીયા(મી) તથા રઝાકભાઈ ગફુરભાઇ મોવર ઉવ.૩૦ બંનેરહે. મોવર ટીંબા વિસ્તારવાળાને દબોચી લેવામાં આવ્યા છે. હાલ બંને આરોપીઓની અટકાયત કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી જીલ્લા પોલીસ દ્વારા આશાપુરા જતા પદયાત્રીઓ માટે સેવા-કેમ્પનો પ્રારંભ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લા પોલીસ દ્વારા ગઈકાલે તા.૨૨/૦૯ના મકનસર ગામ વણઝારા મેલડી મંદિરના પટાંગણમાં આશાપુરા જતા પદયાત્રીઓ માટેના સેવા કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ત્યારે આ સેવા કેમ્પને મોરબી નાયબ પોલીસ અધિક્ષક પી.એ.ઝાલાની ઉપસ્થિતિમાં શરૂ કરવામાં આવ્યો હતો. આ સાથે મોરબી જીલ્લા પોલીસ મથકના અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા આ સેવા-કેમ્પમાં પદયાત્રીઓની સેવા કરવાનો લાભ લેશે.

આ સેવા કેમ્પમાં ઉપસ્થિત મોરબી જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક પી.એ.ઝાલા દ્વારા જણાવવામાં આવ્યું છે કે છેલ્લા ૧૯ વર્ષથી મોરબી તાલુકાના મકનસર ગામ નજીક આવેલ વણઝારા મેલડી માતાજી મંદિર



ખાતે આશાપુરા જતા પદયાત્રીઓ માટે મકનસર ગ્રામવાસીઓ દ્વારા સેવા–કેમ્પનું આયોજન થતું હોય છે ત્યારે છેલ્લા બે વર્ષથી આ સેવા–કેમ્પમાં મોરબી જીલ્લા પોલીસ જવાનો જોડાયા છે. ત્યારે આ સેવા કેમ્પમાં પદયાત્રીઓ માટે આરામ તથા આહારની નિ:શુલ્ક સુચારુ વ્યવસ્થા રાખવામાં આવી છે. તેમજ મકનસર ખાતે આવેલ હેડ કવાર્ટરમાં ૨૪ કલાક ૧૦૮ એમ્બ્યુલન્સ હોય ત્યારે પદયાત્રીઓ માટે તબીબી આપતકાલીન સ્થિતિ સમયે તે ત્યાં આ સેવા–કેમ્પ ખાતે પહોંચી જશે. ત્યારે મોરબી જીલ્લા પોલીસના અનન્ય સેવા કેમ્પનો લાભ લેવા મોરબી જીલ્લા નાયબ પોલીસવડા પી.એ.ઝાલા તરફથી જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ડેન્ગ્યુમાં મૃત્યુ પામેલા આશા વર્કર બહેનને ન્યાય અપાવવા માંગ






(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટના કોઠારીયા આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા આશા વર્કર બહેન નયનાબેન મોલિયાનું ડેન્ગ્યુને કારણે અવસાન થયેલ છે નયનાબેન ની તબિયત સારી ન હોવા છતાં અધિકારીઓ દ્વારા તેઓને ફરજ પર હાજર રહેવા વારંવાર દબાણ કરવામાં આવતું હતું જો તેઓ હાજર નહીં થાય તો તેઓને છૂટા કરી દેવાની ધમકી પણ અપાઈ હતી વારંવાર આવા દબાણ ને વશ થઈ તેઓ ગંભીર બીમારી હોવા છતાં ફરજ પર હાજર થયા હતા બાદમાં તેઓની તબિયત બગડતા ગત તારીખ ૧૯ ના તેઓ અવસાન પામ્યા હતા અંગે આજે આશા વર્કર બહેનોએ માગણી કરી હતી કે જવાબદાર અધિકારીઓ સામે તાત્કાલિક પગલાં લેવામાં આવે.

# ૩ મહિનામાં જ ૭૫૬ પશુનાં મોતને RMCએ સ્વીકાર્યું

## ટ્રસ્ટને ઢોરનાં નિભાવ માટે રૂ. ૧૭.૮૬ લાખની ગ્રાન્ટ ચૂકવવામાં આવી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના ઢોર ડબ્બામાં ૩ મહિનામાં જ ૭૫૬ પશુનાં મોત થયાનું કોર્પોરેશન દ્વારા સ્વીકારવામાં આવ્યું છે. ઢોર ડબ્બાના હૃદયદ્રાવક દશ્યો પણ સામે આવ્યાં છે. જેમાં વાછરડીઓ ભૂખના કારણે વાયરો ખાય રહી છે. ગૌમાતાના ભૂખ અને ઠંડીથી ઠુંઠવાઈને મોત નીપજ્યા હોવાથી તંત્રો અને વ્હોટ્સએપ પરના ગૌભક્તો સામે રોષ ઠાલવતા માલધારી આગેવાને જણાવ્યું હતું કે, શું વડાપ્રધાનના ઘરે ગાય આવે તો જ માતા છે? મોદીના ઘરમાં ગાય માતાનું આગમન થતા વોટ્સએપ ગૌપ્રેમીઓ દ્વારા તેનું સ્ટેટસ મૂકવામાં આવ્યું હતું. પરંતુ હકીકતમાં થતાં ગાય માતાનાં મોત માટે તેઓ ચૂપ કેમ છે?

ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં ગઈકાલે (૨૧ સપ્ટેમ્બર) જનરલ બોર્ડની બેઠક મળી હતી. જેમાં કોંગ્રેસના કોર્પોરેટર કોમલબેન ભારાઈ દ્વારા ઢોર ડબ્બાને લઈને સવાલ કરવામાં આવ્યા હતા. જવાબમાં રાજકોટના ઢોર ડબ્બામાં ૩ મહિનામાં ૭૫૬ પશુઓનાં મોત થયાનો મહાનગરપાલિકા દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે. તેમજ આ સમયગાળા દરમિયાન જીવદયા ટ્રસ્ટને ઢોરના નિભાવ માટે રૂ. ૧૭.૮૬ લાખની ગ્રાન્ટ ચૂકવવામાં આવી હોવાનું જણાવાયું છે. જોકે, ચોમાસાને કારણે વધુ પશુઓ મૃત્યુ પામ્યાનો તંત્ર દ્વારા બચાવ કરવામાં આવ્યો છે.

# અનઅધિકૃત રીતે પ્રમુખસ્વામી ઓડિટોરિયમની સામે બંધ કરેલો રસ્તો ખોલાવવા માંગ

## શાંતિનિકેતન સોસાયટીના રહેવાસીઓ દ્વારા બિનઅધિકૃત રીતે જાહેર માર્ગ બંધ કરી કાયમી ધોરણે દિવાલ ચણતર કરી નાખેલ છે



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રૈયા રોડ પર આવેલ પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ની સામે શાંતિનિકેતન સોસાયટીના રહેવાસીઓ દ્વારા બિનઅધિકૃત રીતે જાહેર માર્ગ બંધ કરી કાયમી ધોરણે દિવાલ ચણતર કરી નાખેલ છે જે અંગે કાયદાકીય પ્રગલા લેવા સમૃદ્ધિ પાર્ક અમૃત પાર્ક તેમજ જે કે પાર્ક રહેવાસીઓએ મહા પાલિકા કમિશનર તેમજ પોલીસ કમિશનરને આવેદનપત્ર સુપ્રત કરી જણાવ્યું છે

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા હૃદય રોગ નિવારણ અભિયાન ઉપક્રમે પદયાત્રાનુ આયોજન



ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ દ્વારા હૃદય નિવારણ અભિયાન, સ્વસ્થ ભારતના સંકલ્પ અંતર્ગત આજરોજ સવારે આઠ થી નવ ના સમયે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કોચ અને ટ્રેનર ૬૦ થી વધુ સંખ્યા દ્વારા રાજકોટના સાધુ વાસવાણી રોડ પર પદયાત્રા દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના લક્ષ્યોને ઘર ઘર સુધી યોગ પહોંચાડવો અને નશા મુક્ત ભારત સ્વસ્થ નાગરિક નિરોગી વ્યક્તિ સ્વનિર્ભવ વ્યક્તિ આત્મનિર્ભવ વ્યક્તિ બનાવવાના ઉદેશ્ય માટે સ્લોગન દ્વારા પદયાત્રા કરવામાં આવી હતી. જેનું સંચાલન વંદનાબેન રાજાણી, ગીતાબેન સોજીત્રા અને મીતાબેન તેરૈયા એ કર્યું હતું

# માંગરોળમાં રૂા.૨.૩૯ લાખના એમ.ડી. ડ્રગ્સ સાથે મુંબઈની બે યુવતી સહિત ત્રણ ઝડપાયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

માંગરોળના કેશોદ રોડ પર દાતાર મંઝિલ નજીકથી એસઓજી એ મુંબઈની બે મુસ્લિમ યુવતીઓ અને ધોરાજીના એક ઈસમને એમડી ડ્રગ્સના મોટા જથ્થા સાથે ઝડપી પાડતા ચકચાર મચી જવા પામી છે. જુનાગઢ એસઓજીના કોન્સ્ટેબલ ઈરફાન રૂમીને મળેલ બાતમી મુજબ ધોરાજીનો ઈમરાન જુમા મતવા મુંબઈની બે યુવતીઓ સાથે કાળા કલરની મોપેડ (ઋઉં ૦૩ ખગ ૨૪૬૭) પર એમડી ડ્રગ્સનો જથ્થો લઈને માંગરોળ ખાતે વેચાણ કરવા માટે આવનારો હોય, જેના આધારે રવિવારે મોડી રાત્રે જુનાગઢ એસઓજીએ માંગરોળના કેશોદ રોડ પર વોચ ગોઠવી હતી. તે દરમિયાન માંગરોળથી ત્રણ કી.મી. નજીકના માનખેત્રા તરફથી આવી રહેલી મોપેડ પર ચાલક યુવક અને પાછળ બેસેલી બે યુવતીઓને વોચમા લઈને તલાશી લેતાં તેઓની પાસેથી મેફેડ્રોન ડ્રગ્સ (૨૩.૯૯ગ્રામ) નો જથ્થો મળી આવેલ જેની અંદાજિત કિંમત ૨,૩૯ ૯૦૦/-જેટલી થાય છે. તદુપરાંત તેઓની પાસેથી પ્લાસ્ટિકની બેગ, ૫૨,૭૦૦/- રોકડ, ત્રણ મોબાઈલ સહિત કૂલ ત્રણ લાખ ત્રેસઠ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ત્રણેય ઈસમો વિરૂધ્ધ માંગરોળ પોલીસ સ્ટેશનમા એન.ડી.પી.એ. એસ. એક્ટ હેઠળ ગુનો રજીસ્ટ્રેશન કરાવી આગળની તપાસ હાથ ધરી છે. ઈમરાન જુમા મતવા ઉ. વ. ૨૭, ધંધો ડ્રાઈવિંગ રહે ધોરાજી, હારીસા ઝુબેર શેખ, ઉ. વ ૨૨ ધંધો પ્રાઈવેટ નોકરી, રહે મલાડ વેસ્ટ. આસિફા નદીમજુહર ખાન ઉ. વ. ૨૦ ધંધો પ્રાઈવેટ નોકરી રહે મલાડ વેસ્ટ ની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ડ્રગ્સ માંગરોળમાં કોને આપવાનો હતો? અને કોણ કોણ આ લોકોની સાથે સામેલ છે.? અને એમના ગ્રાહકો કોણ કોણ છે? જો તેની સખ્તાઈથી તપાસ કરવામાં આવે તો માંગરોળમાં સફેદપોશ ડ્રગ્સ માફિયાઓના મોટા માથાઓ બહાર આવી શકે છે.

# આઈ.ખેડૂત પોર્ટલ પર ખેતીવાડીની વિવિધ યોજનાઓનો પ્રારંભ

## રાજ્યના તમામ ખેડૂતોને આઈ ખેડૂત પોર્ટલનો લાભ લેવા અનુરોધ : વિજયભાઈ કોરાટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કુશળ સંગઠન અને ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શન હેઠળ ગુજરાતે વિકાસની હરણફાળ ભરીને સૌનો સાથ - સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કર્યો છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે અનેક વિવીધ ખેડૂતહિત લક્ષી નિર્ણયો લઈને ખેડૂત અને ખેતીના ઉત્થાન માટે યોગ્ય પગલા લઈને ખેડૂતો આજે સમૃદ્ધ બન્યા છે. રાજ્યના કૃષિમંત્રીરાઘવજીભાઈ પટેલ, રાજ્યકક્ષાના કૃષિમંત્રી બચુભાઈ ખાબડના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા રાજયના ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓ પૈકી ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓના ઘટકો જેવા કે, ખેત ઓજાર, એગ્રો સર્વીસ, પ્રોવાઈડર, પાક મુલ્ય વૃદ્ધિ, ફાર્મ મશીનરી બેંક, મિલેટ પ્રોસેસિંગ યુનિટ, તાડપત્રી, પાક સંરક્ષણ સાધનો, પાવર સંચાલિત પંપ સેટ્સ, સોલાર પાવર યુનિટ, વોટર કેરીંગ પાઈપલાઈન અને રાઈડ ઓન સેલ્ફ પ્રોપેલ્ડ મલ્ટીપર્પઝ ટુલબાર સનેડો જેવા સાધન સહાય યોજના આઈ. ખેડૂત પોર્ટલ પર પ્રારંભ કરવામાં આવનાર છે. ખેડૂતહિત લક્ષી નિર્ણયને પ્રદેશ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટ દ્વારા આવકારવામાં આવ્યો છે.

વધુમાં વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, ગુજરાતના વધુમાં વધુ ખેડૂતો આ વિવિધ સહાય યોજનાઓઓ મહતમ લાભ મળી રહે તથા ખેતી અને ખેડૂતોની સમૃદ્ધિમાં વધારો થાય તે આશયથી રાજયની



ભાજપ સરકાર દ્વારા આઈ ખેડૂત પોર્ટલ પર તા.૨૧-૦૯થી ૨૭-૦૯-૨૪ સુધી સવારે ૧૦.૩૦ કલાકે રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, કચ્છ, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, તા.૨૩-૧૨થી ૨૯-૦૯-૨૪ સુધી સવારે ૧૦.૩૦ કલાકે અમદાવાદ, ખેડા, આણંદ, ગાંધીનગર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, પોરબંદર, ભાવનગર અને બોટાદ, તા.૨૪-૦૯થી ૩૦-૦૯-૨૪ સુધી સવારે ૧૦.૩૦ કલાકે મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, મહીસાગર, દાહોદ, ભરૂચ અને નર્મદા જીલ્લાના ખેડૂતો ક્રમશ અરજી કરી શકશે.

આઈ ખેડૂત પોર્ટલનો પ્રારંભ કરવાના આ નિર્ણયને ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા મંત્રીવિજયભાઈ કોરાટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ, રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, રાજ્યકક્ષાના કૃષિમંત્રી બચુભાઈ ખાબડને અભિનંદન પાઠવીને રાજ્યના ખેડૂતોને મોટી સંખ્યામાં લાભ લેવા હાકલ કરી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં સુવિધાપથ માટે ૬૬૮ કરોડ રૂા. ફળવાવાની મંજૂરીના નિર્ણયને આવકારતા ભૂપતભાઈ બોદર

**■ ભાજપ સરકારનો ગ્રામીણ વિસ્તારોની સુખાકારી માટે મજબૂત અને ટકાવ કોન્ક્રીટ સુવિધાપથ બનાવવાનો ગ્રામિણ વિકાસ લક્ષી નિર્ણયઃ ભૂપતબોદર**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જિલ્લાપંચાયત ના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરે એક અખબારી યાદી માં જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી ની કેન્દ્ર અને રાજ્ય સરકાર મહાનગરો ની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારો માટે પણ અનેક વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ લાવી ને આ તમામ યોજનાઓ ના લાભો અંત્યોદય ની ભાવના સાથે જન જન સુધી પહોચાડી રહ્યા છે ત્યારે રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુ એક ગ્રામ્ય જનતા માટે વિકાસલક્ષી નિર્ણય લઈ ને રાજ્યના જિલ્લાઓમાં ગ્રામીણ વિસ્તારોમાંથી પસાર થતા પંચાયત હસ્તકના સુવિધાપથ ને કોન્ક્રીટ રોડ બનાવવાનો ગ્રામીણ જનતાની સુખાકારી માટે ખુબ જ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.ગ્રામ્ય વિસ્તારો માં ગામ થી ગામ ને જોડતા રસ્તાઓ સુધી પહોચવા માટે ગામ માં થઈ ને જતા મુખ્ય માર્ગને સુવિધાપથ કહેવામાં આવે છે. રાજયના ગામડાઓમાંથી પસાર થતા રસ્તાઓમાં આવેલા ગામતળની લંબાઈના માર્ગોમાં વર્ષા ઋતુ દરમ્યાન પાણી ભરાઈ જવાથી તથા ભારે વાહનો ની અવરજ્વર અને વધુ ટ્રાફિક ભારણ ના કારણે ડામર રસ્તાની સપાટી વારંવાર ખરાબ થઈ જતી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સમસ્યાના કાયમી અને લાંબા ગાળાના નિવારણ તરીકે સુવિધા પથ અંતર્ગત ગામતળની લંબાઈમાં ૫.૫૦



મીટર કે ઉપલબ્ધ પહોળાઈમાં કોન્ક્રીટ રોડ બનાવવા માટે કુલ ૬૬૮.૩૦ કરોડ રૂપિયાની ફાળવણીને મંજુરી આપી છે.એટલું જ નહી, જ્યાં કોઈ કારણસર કોન્ક્રીટ રોડ બનાવવો શક્ય નહી હોય ત્યાં પેવર બ્લોકની કામગીરી કરવામાં આવશે. રાજ્યમાં કુલ ૧૦૨૦.૧૫ કિ.મી.ની લંબાઈના ૭૮૭ માર્ગો રાજ્ય સરકાર ના નિર્ણય થકી સુવિધાપથ અન્વયે મજબૂત અને ટકાવ કોન્ક્રીટ રોડ બનશે.રાજ્ય સરકાર ગ્રામ્ય લોકોનું જીવનધોરણ સુગમ કરવાની સાથે સાથે અંતરિયાળ ગ્રામીણ વિસ્તારો સુધી સુવિધા સભર ગુણવત્તા યુક્ત રોડ રસ્તાઓ નું નેટવર્ક આપવા પ્રતિબધ્ધ છે.

રાજયના ગામડાઓને સુવિધાપથની સગવડ આપવા કરેલી આ ૬૬૮ કરોડ રૂપિયાની ફાળવણીને પરિણામે ગ્રામ્ય જનતાને સારી ક્વાલિટી યુક્ત અને વધુ ટકાઉ તથા વરસાદી સિઝનમાં પણ આ નિર્માણ પામનાર સુવિધાપથ પર અવરજવર દરમ્યાન કોઈપણ પ્રકારની અડચણ ન પડે તેવા બારમાસી કોન્ક્રીટ રોડ મળશે. ગ્રામ્ય જનતા મા રાજ્ય સરકાર ના આ ગ્રામીણ વિકાસ અને સુખાકારી વધારતા નિર્ણય થી આનંદની લાગણી પ્રસરી છે.તેમ અંતમાં ભૂપતભાઈ બોદરે રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ભારતીય જનતા પાર્ટી ની રાજય સરકારના નિર્ણય ને આવકારતા જણાવ્યું હતું.

# રાજકોટના આંગણે ૨૫ થી ૨૮ વિશ્વકક્ષાનું મશીન ટુલ્સ એકઝીબિશન

## NSIC ગ્રાઉન્ડ ખાતે તડામાર તૈયારી : છ પેવેલિયનમાં સ્ટોલની કામગીરીને આખરી ઓપઃ વિશ્વકક્ષાના ઉત્પાદકોની જરૂરિયાત માટે સ્ટોલમાં ખાસ પ્લેટફોર્મ ઉભા કરાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના આંગણે બે વર્ષ બાદ મશીન ટુલ્સ એસોસીએશન અને કે એન્ડ ડી કોમ્યુનિકેશન દ્વારા આગામી તા.૨૫ થી ૨૮ સપ્ટેમ્બરના રોજ એનએસઆઈસી ગ્રાઉન્ડ ખાતે યોજાઈ રહેલા મશીન ટુલ્સ એકઝીબિશનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

મશીન ટુલ્સ એસો.ના પ્રમુખ યોગીન છનિયારાના જણાવ્યા મુજબ એનએસઆઈસી ગ્રાઉન્ડ ખાતે આ એકઝીબિશન માટે ૭૫૦ ફુટ લાંબા ૨ જર્મન ડોમ એ.સી. ડોમ, ૪ જેટલી ઈમ્પોર્ટેડ કેમિકલ ટોયલેટ વેન, જરૂરિયાત મુજબ સિમેન્ટ ફ્લોરિંગ, વિશાળ પાર્કિંગ, રજિસ્ટ્રેશન ઓફિસો, ફૂડ કોર્ટ બની રહ્યા છે. સમગ્ર એક્સિબિશનને ફાયર સેફ્ટીનું ખુબ જ ધ્યાન રાખવામાં આવેલ છે. જેના માટે વિવિધ સાધનો અને ફાયર એક્ઝિટનું વ્યવસ્થા કરવામાં આવેલી છે. મશીન ટૂલ્સ એસોસિએશનનીનું થીમ પેવેલિયન પણ બનાવવામાં આવેલ છે. જેમાં મશીન ટૂલ્સ એસોસિએશન દ્વારા થતા કાર્યો બતાવવામાં આવશે. મશીન ટુ એસોસિએશનના કારોબારી સભ્યો દ્વારા વિવિધ સમિતિઓ બનાવવામાં આવેલી છે. મશીન ટુ એસોસિએશન અને કે.એન.ડી ગ્રુપના અત્યારે એક્ઝિબિશન માટે અંદાજે ૩૦૦થી વધુ કામદારો કામ કરી રહ્યા છે. છેલ્લા દસ દિવસથી ગ્રાઉન્ડ પર જેસીબી





અને રોડ રોલર દ્વારા ગ્રાઉન્ડ લેવલિંગનું કાર્ય ચાલી રહ્યું છે. હવે ફક્ત ત્રણ દિવસ બાકી હોય આ ભવ્ય એક્ઝિબિશનને આખરી ઓપ અપાઈ રહ્યો છે. સિક્યુરિટી એજન્સી હાઉસ કીપિંગ એજન્સી કેટરીંગ એજન્સી મશીનરી લોડીંગ અને લોડિંગ એજન્સી મંડપ એજન્સી ઈલેક્ટ્રિકલ એજન્સી હાઈડ્રોલિક અને ન્યૂમેટીક એજન્સી ડેકોરેશન એજન્સી નર્સરી એજન્સીનો અત્યારે ૩૦૦ જણાનો સ્ટાફ ગ્રાઉન્ડ પર કામ કરી રહ્યો છે.

આજથી જ ૫૦૦થી વધુ સ્ટોલ હોલ્ડરોના મશીનો રાજકોટ ખાતે આવી જશે અને તેઓના સ્ટોલ પર મશીનો મુકવાની કામગીરી ચાલુ થઈ જશે. આ સમગ્ર આયોજનમાં મશીન ટૂલ્સ એસોસિએશનના પ્રમુખ યોગીન છનિયારા, ઉપપ્રમુખ હરેશભાઈ પટેલ, સેક્રેટરી તેજસ દુદકીયા, જો.સેક્રેટરી દેવલભાઈ ઘોરેચા, ખજાનચી કનકસિંહ ગોહીલ તથા એસોસીએશનના ડાયરેક્ટરો સચીનભાઈ તગેવાડીયા, બ્રીજેશભાઈ સાપરીયા, કરણભાઈ પરમાર, પીયુષભાઈ ડોડીયા, અશ્વિનભાઈ કવા, કેતનભાઈ ગજેરા, બીપીનભાઈ સિધ્ધપુરા, ઘનશ્યામભાઈ પરમાર, હરેશભાઈ ડોડીયા, રવિ મારૂ અને ઊં અક્ષમ ઉ ઈજ્ઞળળીક્ષશભફશિંજ્ઞક્ષ કમિં. અવળયમફબફમના કમલેશભાઈ ગોહીલ, અમીતભાઈ મિસ્ત્રી તથા તેમની ટીમ કાર્યરત છે.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા જસાણી હાઈસ્કૂલમાં નશા મુક્તિ કાર્યક્રમ યોજાયો



ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નશા મુક્તિ ભારત અભિયાન અંતર્ગત આજરોજ જસાણી હાઈસ્કૂલમાં સવારના આઠ થી નવ ના સમયે નશા મુક્તિ અંતર્ગત નો કાર્યક્રમ યોજાયો આ કાર્યક્રમમાં જસાણી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ જલ્પા મેડમ તેમજ ચાર વર્ગના ટીચરો ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ ની હાજરીમાં નશામાંથી મુક્તિ મેળવી યોગ કરી પોતાનું સ્વાસ્થ્ય સુધરે તે બાબતે કોડીનેટર દ્વારા સુંદર વક્તવ્ય આપવામાં આવ્યુ અને યોગ અને પ્રાણાયામ થી થતા ફાયદા પણ કહેવામાં આવ્યુ અને લાસ્ટમાં ખુબ સરસ મેડીટેશન કરાવવામાં આવ્યું આ કાર્યક્રમમાં વંદનાબેન રાજાણી મીતાબેન તેરૈયા ગીતાબેન સોજીત્રા દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# યુવતિ સાથે મીત્રતા કેળવી વિધર્મી શખ્સે દુષ્કર્મ આચર્યુંઃ લગ્નનો ઈન્કાર કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી

## ફરવાના બહાને અજમેર લઈ જઈ ગેસ્ટહાઉસમાં બળજબરી આચરીઃ રાજકોટ આવતા ચાલુ બસે પણ બળાત્કાર કર્યોઃ સંબંધ બાંધ્યાની કોઈને વાત ન કરવા ધમકી આપીઃ શખ્સને પ્ર.નગર પોલીસે સકંજામાં લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

એકવીસ વર્ષની યુવતિની ફરિયાદ પરથી કાલાવડ રોડ ૨૫ વારીયા ક્વાર્ટરમાં રહેતાં રીઝવાન ઈસ્માઈલભાઈ માંડરીયા વિરૂધ્ધ બીએનએસની કલમ ૬૪ (૨), (એમ), ૬૯ તથા એટ્રોસીટી એક્ટ હેઠળ મિત્રતા કેળવી, લગ્નની લાલચ આપી અલગ અલગ સમયે તેણીની ઈચ્છા વિરૂધ્ધ બળાત્કાર ગુજારી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યાનો ગુનો નોંધ્યો છે.

ભોગ બનનાર યુવતિએ પોલીસ સમક્ષ વિગતો આપતાં જણાવ્યું હતું કે મેં બારમા ધોરણની પરિક્ષા આપી છે. મારા માતા અને બહેન સાથે રહુ છું. થોડા મહિના પહેલા હું મારા માસીયાઈ ભાઈ સાથે બગીચામાં આટો મારવા ગઈ ત્યારે ભાઈનો મિત્ર રીઝવાન માંડરીયા પણ ત્યાં આવ્યો હતો. વાતચીત દરમિયાન રિઝવાને મારા મોબાઈલ નંબર લીધા હતાં. એ પછી અમારી વચ્ચે મિત્રતા થતાં ફોનમાં એક બીજા સાથે વાત કરતાં હતાં. એક વખત રીઝવાને ફરવા જવાની વાત કરતાં અને અજમેર જવું છે તેમ કહેતાં તા. ૨૦/૬ના રોજ અમે ગ્રીનલેન્ડચોકડી નજીકથી સ્લીપર કોચ બસમાં બેસીને અજમેર ગયા હતાં.

ત્યાં ૨૧મીએ પહોંચ્યા બાદ ગેસ્ટહાઉસ હોટેલ જેવુ હતું તેમાં રૂમ રાખી રોકાયા હતાં. રાતે હું સઈ ગઈ હતી ત્યારે રિઝવાને મને જગાડી હતી અને મારી સાથે બળજબરી કરવા માંડયો હતો. મેં ના પાડી છતાં તે માન્યો નહોતો અને બળાત્કાર ગુજારી લીધો હતો. એ પછી ૨૨મીએ ત્યાંથી સ્લીપર કોચ બસમાં રાજકોટ આવવા રવાના થયા ત્યારે બસમાં પણ મારી સાથે બળજબરી આચરી લીધી હતી. બાદમાં અમે ૨૩મીએ રાજકોટ પહોંચ્યા ત્યારે રીઝવાને મને લગ્નની લાલચ આપી હતી અને



કહ્યું હતું કે બાળક રહી ગયું હોય તો પણ ચિંતા ન કરવી, હું લગ્ન કરી લઈશ. એ પછી અમે રેસકોર્ષમાં મળતાં હતાં. બાદમાં મારા માતા બહારગામ જતાં તેણે ફરી મારી સાથે દૂષ્કર્મ આચરી લીધુ હતું. છેલ્લે લગ્નની ના પાડી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં ભોગ બનનારે કહેતાં પીઆઈ બી. એમ. ઝણકાત અને રાઈટર મન્સુરશા સહિતે ગુનો દાખલ કરી આરોપીને સકંજામાં લેવા તજવીજ કરી હતી.

# બાબરામાં લુંટના ઈરાદે ભાવનગરના હીરાના દલાલની હત્યા કરનાર ત્રણ ઝડપાયા

## ગળેટુંપો આપી હત્યા કરીપુરાવાનો નાશ કરવા ડિઝલ છાંટી મૃતદેહ સળગાવી નાખ્યો

**મુખ્ય સમાચાર,અમરેલી**

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરોઈ નજીક ભાવનગરના તળાજા ખાતે રહેતા હીરાના દલાલની સળગેલી હાલતમાં લાશ મળી આવી હતી. આ ગુનાનો ભેદ બાબરા પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલીને ૩ આરોપીઓને ઝડપી પાડયા છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ધરોઈ નજીક સળગેલી હાલતમાં લાશ મળી આવતા બાબરા પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જ્યાં તપાસ કરતાં મૃતકની ઓળખ ભાવનગરના તળાજા ખાતે રહેલા હીરા દલાલ ધીરુભાઈ રાઠોડની હોવાનું માલૂમ પડ્યું હતુ. જે બાદ પોલીસે મૃતદેહના અવશેષોને પોસ્ટમોર્ટમ અર્થે અમરેલી મોકલવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ડીઝલ નાંખીને લાશને સળગાવી દેવામાં આવી હોવાનું માલૂમ પડયું હતુ. આ મામલે પોલીસે હત્યારા કિશન ઉર્ફે કાનો, મનહર ખસીયા અને રાહુલ પરમાર નામના ૩ આરોપીઓને ઝડપી પાડયા હતા.

પોલીસની પૂછપરછમાં આરોપીઓને મૃતક ધીરુભાઈ રાઠોડ પાસે હીરાના ૧૧ લાખ લેવાના હતા. આથી હીરા વેચવા માટે તળાજા ગામે જવાનું કહી ૨૧ સપ્ટેમ્બરના સાંજના ૫ કલાકે ભાવનગર જવેલર્સ સર્કલ ખાતેથી પોતાની ફોરવ્હીલ ગાડીમાં બેસાડી તળાજા ગામે ગોપનાથ જવાના રસ્તે લઈ ગયા હતા. જ્યાં મૃતક પાસે રોકડ રૂપિયા તથા હીરા હોય ત્રણેય જણાએ મળી ધીરૂભાઈને ટુવાલ વડે ગળે ફાંસો આપી મોતને પાટ ઉતારી દીધા હતા.

જે બાદ ધીરુભાઈની લાશને ફોરવ્હીલ ગાડીમાં રાખી પ્રથમ ચાંવડ ગામે અવાવરૂ જગ્યામાં લાશને સળગાવવાની કોશિષ કરી હતી. જો કે રસ્તા પર વાહનોની અવરજવર હોવાથી બીક લાગતા લાશને ધરાઈ ગામે અવાવરૂ જગ્યામાં લઈ જઈ પુરાવાનો નાશ કારવાના ઈરાદાથી લાશ ઉપર ડીઝલ નાખી લાશને સળગાવી નાખી હતી. આ સાથે જ મૃતક પાસે પાંચેક લાખના હીરા તથા રોકડ રૂ. ૭૦ હજાર લૂંટ પણ કરી લીધી હતી.

# માલીયાસણ પાસે કારમાં ૩૯ હજારના ગાંજા સાથે બે શખ્સો ઝડપાયા

## ઓરિસ્સાના શખ્સ પાસેથી ૩૯ હજારનો ગાંજો લઈને પહેલી જ ખેપ મારી હોવાની કબુલાત આપીઃ રિમાન્ડ મેળવવા કુવાડવા પોલીસે તજવીજ હાથ ધરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં એલસીબીએ કુવાડવા હાઈવે ઉપર વોચ ગોઠવી હતી દરમિયાન માલીયાસણ પાસે પોલીસને જોઈ પેડ્લરોએ કાર ભગાવતા કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી અને બે શખ્સો અંધારામાં નાસી છૂટ્યા હતા જો કે ૩૯ હજારના ગાંજા સાથે બેલડીને દબોચી લઈ ૫,૦૧,૧૩૦નો મુદ્દામાલ કબજે કરી તપાસ કુવાડવા રોડ પોલીસને સોપી છે.





રાજકોટ એલસીબી ઝોન ૧ના પીએસઆઈ બી વી બોરીસાગર અને ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન સ્ટાફને મળેલી માહિતી આધારે ગત મોડી રાત્રે ત્રણેક વાગ્યે કુવાડવા હાઈવે ઉપર વોચ ગોઠવી હતી ત્યારે માલીયાસણ ચોકડી પાસે બાતમી મુજબની જી જે ૦૩ એન પી ૦૦૬૫ નંબરની કાર પસાર થતા અટકાવવા ઈશારો કરતા કારચાલકે કાર ભગાડી મૂકી હતી જે બીજ નીચેથી પસાર થઈ બેડી ચોકડી તરફ જતા સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી અને બે શખ્સો નાસી છૂટયા હતા પોલીસે પીછો કર્યો હતો પણ અંધારામાં અલોપ થઈ ગયા હતા પોલીસે દેવપરા ઘનશ્યામનગરના રાહિલ અમીનભાઈ મીનાપરા ઉ.૨૧ અને સાગરનગરના અલીઅહેમદ હનીફફભાઈ નાકાણી ઉ.૨૩ની ધરપકડ કરી કારની જડતી લેતા પાછળની સીટ નીચેથી ૩ કિલો ૮૯૬ ગામ ગાંજો મળી આવતા ગાંજો, કાર, ૩ મોબાઈલ, રોકડ સહીત ૫,૦૧,૧૩૦નો મુદામાલ કબજે કરી નાસી છુટેલા બે ભાગીદારો સુમરા સોસાયટીના ફૈઝાન જાહિદભાઈ ડેલા અને અદનાન ઘાડા સહીત ચારેય સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

પ્રાથમિક પુછતાછમાં ધાર્મિક સ્થળે જવાનું કહી કાર ભાડે લઈ સુરત ગયા હતા અને ઓરિસ્સાના રાકેશ નામના શખ્સ પાસેથી ગાંજો લીધો હતો પહેલી જ ખેપ મારી હોવાની કબૂલાત આપી હોય જે પોલીસને ગળે ઉતરતી ન હોય રિમાન્ડ મેળવવા કુવાડવા પોલીસે તજવીજ હાથ ધરી છે ગાંજો ખરીદવા રાહિલએ ૩૦ હજાર અને અલીઅહેમદએ ૨૦ હજાર કાઢયાહતા રાજકોટમાં છૂટક વેચવાના હતા તે પૂર્વે પોલીસે દબોચી લીધા હતા.

# મારવાડી યુનિવર્સિટીની છાત્રાનો બાથરૂમનો વિડિયો ઉતારવા પ્રશ્ને હોબાળો

## એન્જીનીયરીંગનો અભ્યાસ કરતી સગીર છાત્રાને રૂમમાં રહેતી અન્ય વિદ્યાર્થીનીઓએ માર માર્યોઃ પોલીસે તપાસ કરતા મોબાઈલમાં કોઈ વિડિયો ન મળ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મોરબી હાઈવે ઉપર આવેલ મારવાડી યુનીવર્સીટીમાં આંધ્રપ્રદેશની સગીર છાત્રાનો ન્હાતી વેળાનો રૂમ મેટ વિદ્યાર્થીનીએ વિડીયો ઉતાર્યાની શંકાએ હોબાળો મચી જતા પોલીસ કાફલો દોડી ગયો હતો જો કે મોબાઈલમાંથી કોઈ વિડીયો મળ્યો ન હોય સંચાલકોએ તેમના વાલીઓને જાણ કરી હતી. આ અંગેની માહિતી મુજબ મૂળ આંધ્રપ્રદેશની અને હાલ મારવાડી યુનીવર્સીટીની હોસ્ટેલમાં અન્ય ત્રણ રૂમ મેટ સાથે રહી એન્જીનીયરીંગનો અભ્યાસ કરતી સગીર છાત્રાએ તેના રૂમમાં રહેતી અન્ય વિદ્યાર્થીનીએ પોતે ન્હાતી હોય તેવો વિડીયો મોબાઈલમાં ઉતારી અન્યને ફોરવર્ડ કર્યો હોવાનો આક્ષેપ કરતા સંચાલકો દોડી ગયા હતા આ અંગે રજીસ્ટ્રાર જાડેજાએ જણાવ્યું હતું કે જેની સામે આક્ષેપ કરાયો હતો તેનો મોબાઈલ ચેક કરતા કોઈ વિડીયો મળી આવ્યો ન હતો બંને માઈનોર હોય બંનેના વાલીઓને પણ જાણ કરી દીધી હતી વાલીઓ બે દિવસ પછી રાજકોટ પહોચશે અને ત્યાર બાદ કાઉન્સલીંગ કરવામાં આવશે બીજી તરફ આક્ષેપ કરનાર છાત્રાને ન્યાય નહી મળે તેવી શંકાએ તેણે પોલીસને જાણ કરતા કુવાડવા રોડ પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો.

સમગ્ર મામલો કોલેજના સંચાલકો સુધી પહોંચ્યો હતો અને કોલેજના સંચાલકોએ વિદ્યાર્થિનીઓના આંધ્રપ્રદેશ રહેતા વાલીઓને જાણ કરી હતી. કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં કેમ્પસમાં એકઠા થઈ ગયા હતા અને 'વી વોન્ટ જસ્ટિસ'ના નારા લગાવ્યા હતા. મામલો તંગ થતાં કોલેજના જ સંચાલકોએ જાણ કરતાં કુવાડવા પોલીસની ટીમ કોલેજે દોડી ગઈ હતી



અને આક્ષેપ કરનાર તેમજ કૃત્ય આચરનાર વિદ્યાર્થિનીઓને પોલીસ મથકે લઈ જવામાં આવી હતી. આ ઘટનાએ શિક્ષણજગતમાં ભારે ચર્ચા જગાવી છે. કુવાડવા પોલીસ સ્ટેશનના પીઆઈ રોજિયાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થિનીઓના બંને પક્ષને સાંભળ્યા છે અને તપાસ પણ શરૂ કરવામાં આવી છે. આ મામલે વિદ્યાર્થિનીઓના વાલીઓના રાજકોટ આવ્યા બાદ જ વિશેષ કાર્યવાહી કરવામાં આવશે.

# જય જવાન જય કિશાન સોસાયટીમાં ટ્રાન્સપોર્ટર પર લુખ્ખાઓનો હુમલોઃ કારમાં તોડફોડ

## શેરીમાં ગાળો બોલવાની ના કહેતા યુવાન પર સાત શખ્સોનો ધોકા પાઈપ વડે તુટી પડ્યાઃ બી.ડીવીઝન પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મોરબી રોડ ઉપર જય જવાન જય કિશાન સોસાયટીમાં રહેતા અને નાગબાઈ ટ્રાન્સપોર્ટ નામે વેપાર કરતા ગૌતમભાઈ હિન્દુભાઈ બાંભવા ઉ.૨૨ નામના વેપારીએ રવિ ઉર્ફે ગઈઢો બોહકિયા, દકો, દુકાનો ભાઈ કિશન, વિરેન, બુધ્ધો, વિશાલ ઉર્ફે ટકો અને અન્ય અજાણ્યા ઈસમો સામે છરી-ધોકા-પાઈપથી હુમલો કરી કારમાં તોડફોડ કરવા અંગે બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત તારીખ ૧૮ના રોજ મારા પિતા મિત્ર હરેશભાઈના કારખાના પાસે જ્યાં છોકરીઓ કામ કરતી હોય ત્યાં ઉભા હતા ત્યારે રવી ગાળો બોલતો હોય પિતાએ ગાળો બોલવાની ના પાડતા મારા પિતાને ગાળો ભાંડી હતી



દરમિયાન ગત રાત્રે હું મારા મિત્રો સાથે બેઠો હતો ત્યારે રવિ ત્યાં આવ્યો હતો અને તેને તું કેમ મારા પિતાને ગાળો દેતો હતો તેમ કહેતા તેણે મારી સાથે પણ ઝઘડો કરી તેના મિત્ર દકાને બોલાવતા તે છરી લઈને આવ્યો હતો અને ફોન કરતા અન્ય દશ બાર જેટલા શખ્સો ધોકા-પાઈપ-તલવાર-સોડા બોટલ લઈને ધસી આવ્યા હતા અને મને ગાળો ભાંડી છરીનો એક ઘા મને ઝીકી દીધો હતો અને ધોકા-પાઈપથી હુમલો કર્યો હતો મને ઈજા થતા હું મારી પાર્ક કરેલી કારમાં બેસી ગયો હતો અને હજુ ગાડી ચાલુ કરું તે પૂર્વે ફરી બધાત્યાં ધસી આવ્યા હતા અને ધોકા-પાઈપ ફટકારી કારમાં તોડફોડ કરી કાચનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો હતો હું કાર ભગાડી થોડે દુર જઈ ઉભો રહ્યો હતો અને ૧૦૦ નંબર પર ફોન કરતા પોલીસ આવી ગઈ હતી અને ફરી ત્યાં જતા પોલીસને જોઈ તમામ શખ્સો આંઠ જેટલા પોતાના વાહનો મૂકી નાસી છૂટયા હતા પોલીસે તમામની શોધખોળ હાથ ધરી છે.

# ત્રંબા ગામે રહેણાંક મકાનમાં ગેસરિફલીંગનું કૌભાંડ ઝડપાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ નજીક ત્રંબામાં રહેણાક મકાનમાં ગેસ રિફલીંગનું કૌભાંડ ઝડપાયું છે. જેમાં ગેસના બાટલામાંથી ચોરી કરી ગ્રાહકો સાથે છેતરપીંડી કરવામાં આવતી હતી. પોલીસે દરોડા દરમિયાન ૧.૪૬ લાખની કિંમતના ૬૭ ગેસના બાટલા ઝડપી લીધા હતાં.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટની ભાગોળે ભાવનગર રોડ ઉપર આવેલા ત્રંબા ગામે રહેતા મહેન્દ્ર ઉર્ફે મહેશ પરસોતમભાઈ સવસાણી નામનો શખ્સ પોતાના રહેણાક મકાનમાં ગેસ રિફલીંગનુ કૌભાંડ ચાલતુ હોવાની બાતમીના આધારે આજીડેમ પોલીસ મથકની ટીમે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન મહેન્દ્ર ઉર્ફે મહેશ સવસાણી પોતાના આર્થિક ફાયદા માટે જાહેર વિતરણ માટેના ઈન્ડિયન તથા ભારત ગેસના તેમજ અન્ય કંપનીના બાટલા મેળવી ઘરેલુ વપરાસ માટેના ગેસનો પુરવઠો, એલપીજી ગેસના બાટલા



મેળવી અલગ અલગ વ્યકિતને રિફલીંગ કરી આપી વેચાણ કરી બાટલાઓના સીલ કાઢી ખાલી બાટલાઓમાં ભરી સળગી ઉઠે તેવા પદાર્થ અંગે બેદરકારી ભર્યું આચરણ કર્યુ ગેસના બાટલામાંથી એલપીજી ગેસની ચોરી કરી ગ્રાહકોને આ બાટલાઓ નિયત મુજબના છે તેવો વિશ્વાસ ભરોસો આપી ગ્રાહકો સાથેછેતરપીડી કરી તથા પોતાની અને અન્યની જીંદગીને જોખમમાં મુકી ગુનાહિત પ્રવૃત્તિ કરતો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે રૂા. ૧.૪૬ લાખની કિંમતના ગેસના ૬૭ બાટલા કબ્જે કર્યા હતાં.

આ અંગે આજીડેમ પોલીસે મહેન્દ્ર ઉર્ફે મહેશ પરસોતમભાઈ સવસાણી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદના આધારે આજીડેમ પોલીસ મથકના પીએસઆઈ જે.જી. રાણા સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# કુવાડવા પાસે સુર્યા રામપરા ગામે ઝેરી જનાવર કરડી જતા મહિલાનું મોત

કુવાડવા પાસે આવેલા સૂર્ય રામપરા ગામે ચાર દિવસ પૂર્વે પરિણીતાને ઝેરી જનાવર કરડી ગયું હતું પરિણીતાનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ અંગેની માહિતી મુજબ રાજકોટ તાલુકાના કુવાડવા પાસે આવેલા સૂર્ય રામપરા ગામે રહેતી પ્રભાબેન વિજુભાઈ સરવૈયા નામની ૪૨ વર્ષની બપોરના સાડા બારેક વાગ્યાની આસપાસ સૂર્ય રામપરા ગામે આવેલી પોતાની વાડીએ હતી ત્યારે ઝેરી જનાવર કરડી જતા પરિણીતાને ઝેરી અસર થઈ હતી. પરિણીતાને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે કુવાડવા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેણીની તબિયત નાજુક જણાતા વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં પરિણીતાની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ પરિણીતાએ ટૂંકી સારવાર દરમિયાન હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. આ બનાવ અંગે એરપોર્ટ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ત્રિલોક પાર્કમાં વેપારીના ઘરમાંથી ૧.૨૬ લાખની માલમતાની ચોરી

રાજકોટમાં ત્રિલોક પાર્કમાં રહેતા વેપારીના ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યું હોય તેમ રૂ.૧.૨૬ લાખની માલમતાની ચોરી થયાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં આવેલા ત્રિલોક પાર્કમાં રહેતા વેપારી જસ્ટિન રોબોટભાઈ મેકવાન નામના ૩૨ વર્ષના યુવા વેપારીએ યુનિવર્સિટી પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે અને ફરિયાદમાં જણાવ્યું હતું કે તારીખ ૨૧ ની રાત્રીના સમયે બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી મકાનના દરવાજાનો નકુચો તોડી રૂમમાં પ્રવેશ કરી રૂમમાં રાખેલ તિજોરી કબાટના ચેન, કાનની બુટ્ટી, લેડીસ તથા જેન્ટ્સની વીંટી, ચાંદીની ઝાંઝરી અને લકી તેમજ રૂ.૨૫ હજારની રોકડ મળી રૂ.૧.૨૬ લાખના મુદ્દામાલની ચોરી થયાની ફરિયાદ નોંધાવી છે પોલીસે ફરિયાદના આધારે યુનિવર્સિટી પોલીસે વેપારીના ઘરની આસપાસના સીસીટીવી કેમેરા ના ફટેજ અને ફરિયાદના આધારે ચશ્કરોને ઝડપી લેવા અને ગુના નો ભેદ ઉકેલવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વેરાવળમાં સરકારી જમીનમાં દબાણ કરનાર મહિલાનો ગળાફાંસો ખાઈ આપઘાત

## કાચા મકાનો દૂર કરવા તંત્રએ નોટિસ આપતા ડિપ્રેશનમાં આવી ભરેલું પગલું

વેરાવળમાં સરકારી હોસ્પીટલ પાસે સરકારી જમીનમાં થયેલ કાચા મકાનોના દબાણો દુર કરવા તંત્રએ આપેલ નોટીસના પગલે ડીપ્રેશનમાં આવી ગયેલ ૪૩ વર્ષીય મહિલાએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતા અરેરાટી પ્રસરી ગઈ છે. વેરાવળમાં સિવીલ હોસ્પીટલ નજીક ટી.પી.સ્કીમ ૨ અંતીમખંડ ૧૦૭ વાળી સરકારી જમીનમાં કાચા મકાનોના અનઅધિકૃત દબાણ થયેલા હોય જેને દુર કરવા ત્રણેક દિવસ પહેલા પાલીકા તંત્ર દ્વારા અંદાજે સીતેરક લોકોને દબાણો દુર કરવા નોટીસો પાઠવી હતી. જે પૈકી એક મકાનમાં રહેતી માયાબેન રામપદ સરકાર (ઉ.વ.૪૨) નામની મહિલાએ ગતરાત્રીના ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી છે. ત્યારે આ અંગે મૃતક મહિલાની બેન વવનિતાએ મિડીયા સમક્ષ જણાવેલ કે, ત્રણેક દિવસ પહેલા મકાન પાડી દેવા મળેલ નોટીસથી માયાબેન ડીપ્રેશનમાં આવી ગયા હતા. ગતરાત્રીના અમો અમારા સંબંધીને ત્યાં ગયેલ તે સમયે ઘરમાં એકલા હોવાથી તેઓએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધુ હતુ. જેની અમો સવારે ઘરે આવ્યા ત્યારે ડેલી ખખડાવવા છતાં ખોલતા ન હોય ત્યારે બારીમાંથી જોતા માયાબેન ગળેફાંસો ખાધેલ હાલતમાં હતા. જેથી તુરંત પોલીસ અને ૧૦૮ ને જાણ કરી હતી. મારી બહેનએ તંત્રએ પાઠવેલ નોટીસથી તણાવમાં આવી ગયા બાદ આપઘાત જેવું પગલુ ભર્યું છે.

# મહિલા ડોકટરને આપઘાતની ફરજ પાડનાર તબિબ બંધું સામે ફરિયાદ


## માધાપર ચોકડી પાસે અતુલ્યમ આગનવન એપાર્ટમેન્ટમાં મહિલા તબિબે દોઢ વર્ષ પૂર્વેની આપઘાત કર્યો'તોઃઘટનામાં કોર્ટના હુકમ મુજબ નોંધાઈ ફરિયાદઃ એટીએમ કાર્ડ, આધારકાર્ડ પડાવી લીધા હતા : એસીપીને તપાસ સોંપાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં દોઢ વર્ષ પૂર્વે ધ્રોલ પંથકની યુવતીએ કરેલી આત્મહત્યાના કેસમાં કોર્ટએ હુકમ કરતા ગાંધીગ્રામ પોલીસે પુષ્કરધામ મેઈન રોડ ઉપર રહેતા તબીબ સહીત બે ભાઈઓ સામે મરવા મજબુર કરવા અંગે ગુનો નોંધ્યો છે માતા ફરિયાદી બનતા આ કેસની તપાસ એસીપીને સોપવામાં આવી છે બંને ભાઈઓએ યુવતીને લગ્નની લાલચ આપી શોષણ કરી, તેના જરૂરી ડોક્યુમેન્ટ પોતાના કબજામાં રાખી, ફોટા-વિડીયો વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપતા તેણીએ આપઘાત કરી લીધો હોય જે અંગેની તપાસ એસીપીને સોપવામાં આવી છે.

જામનગર જીલ્લાના ધ્રોલ તાલુકાના ખારવા રોડ ઉપર પ્રમુખ દર્શન સોસાયટીમાં રહેતા જાનુબેન ગોવિંદભાઈ બોખાણીએ રાજકોટના પુષ્કરધામ મેઈન રોડ ઉપર રહેતા અને ડોક્ટર તરીકે ફરજ બજાવતા પાર્થ દીપકભાઈ જોબનપુત્રા અને તેના ભાઈ મૌલિક ઉર્ફે મિત જોબનપુત્રા સામે તેની દીકરી બિંદીયાને મરવા મજબુર કરવા અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેની દીકરી રાજકોટમાં રહેતી હોયુ અને ઉપરોક્ત બંને ભાઈઓના સંપર્કમાં ૨૦૨૦-૨૧માં આવી હતી ત્યાર બાદ પોતે અનુસુચિત જાતિના છે તેવું જાણતા હોવા છતાં બંને ભાઈઓએ સંપર્ક રાખ્યો હતો અને દીકરીને લગ્ન કરવાની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી હતી તેમજ તેણીના ફોટા અને વિડીયો ઉતારી લીધા હતા.

આ ઉપરાંત આ વિડીયો અને






ફોટા વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી તેણીના જુદી જુદી બેંકના એટીએમ કાર્ડ, આધારકાર્ડ, પાનકાર્ડ, સહિતના જરૂરી ડોક્યુમેન્ટ પણ પડાવીલીધા હતા અને લગ્ન કરવાના બહાને શોષણ કર્યું હતું ડોક્ટર સહીત બંને ભાઈઓના શારીરીક માનસિક ત્રાસથી કંટાળી ગત તારીખ ૨૪ મેં ૨૦૨૩ના રોજ રાજકોટના માધાપર ચોકડી પાસે આવેલ અતુલીયમ આંગનવન ખાતે પાંખમાં દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો આ બનાવમાં કોર્ટે ગુનો નોંધવા હુકમ કરતા પોલીસે બંને ભાઈઓ સામે મરવા મજબુર કરવા અંગે ગુનો નોંધી તપાસ એસીપી રાધિકા ભારાઈને સોપવામાં આવી છે.

# રાજકોટમાં આગમન શ્યામ એપાર્ટમેન્ટમાં મહિલા સંચાલિત જુગાર ધામ ઝડપાયું

## પોલીસે અડધો ડઝન મહિલાની ધરપકડ કરીઃ ૫૭,૯૪૦ની રોકડ અને ગંજીપતાના પાના કબ્જે કર્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ૮૦ ફૂટ રોડ ઉપર સગુન ચોક પાસે આવેલ આગમન શ્યામલ ઉપવન હાઈટ્સમાં પોલીસે દરોડો પાડી મહિલા સંચાલિત જુગારધામ ઝડપી પાડયું હતું અને પોલીસે જુગાર રમતા અડધા ડઝન જેટલી મહિલાઓને ઝડપી લીધી છે. પોલીસે જુગારના પટમાંથી રૂપિયા ૫૭,૯૪૦ ની રોકડ અને ગંજીપતાના પાનાના કબજે કર્યા હતા.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં ૮૦ ફુટ રોડ ઉપર સગુન ચોક પાસે આવેલ આગમન શ્યામ ઉપવન હાઈટ્સમાં રહેતી ખુશ્બુબેન પ્રતિકભાઈ ભૂત નામની પલનીતા પોતાના રહેણાંક મકાનમાં જુગારનો અડો ચલાવતી હોવાની બાતમીના આધારે તાલુકા પોલીસે કરોડો પાડયો હતો. બરોડા દરમિયાન જુગાર રમતી ખુશ્બુબેન પ્રતિકભાઈ ભૂત (રહે. શ્યામલઉપવન હાઈટસ સી/૨ ફ્લેટ નં.૧૧૦૩ ૮૦ ફુટ રોડ સગુન ચોક રાજકોટ), શીતલબેન નિલેશભાઈ છત્રાલા (રહે. અક્ષર પરીસર વિંગ એ/૧ ફ્લેટ નં.૫૦૪ શ્યામલ ઉપવન પાસે રાજકોટ), જીંકલબેન દિપકભાઈ છત્રાલા (રહે. અક્ષર પરીસર વિંગ એ/૧ ફ્લેટ નં.૫૦૪ શ્યામલ ઉપવન પાસે રાજકોટ), જીજ્ઞાબેન ભાવેશભાઈ વલ્લભભાઈ પીપળીયા (રહે. સંસ્કાર સીટી એ/૬૦૧ રામધણ ની બાજુમાં મવડી રાજકોટ), જૈમીનીબેન ધવલભાઈ અશોકભાઈ રાજાણી (રહે. મીલપરા શેરી નં.૩ રાજાણી એપાર્ટમેન્ટ રૂમ નં.૩૦૧ કેનાલ રોડ રાજકોટ) અને દિપાબેન નરેશભાઈ ચુમરાણી (રહે. હંસરાજનગર શેરી નં.૫ મનિષ ટેલર્સની બાજુમાં રાજકોટ)ને ઝડપી લીધી હતી. પોલીસે દરોડા દરમિયાન છ મહિલાઓની ધરપકડ કરી જુગારના પટમાં રહેલી રૂપિયા ૫૭,૯૪૦ ની રોકડ અને ગંજીપતાના પાનાના કબજે કર્યા હતા. પ્રાથમિક તપાસમાં મકાન માલિક ખુશ્બુબેન ભૂત પ્રેમી મહિલાઓને બહારથી બોલાવી નાલ ઉઘરાવી જુગારનો અડો ચલાવતી હોવાનું જાણવા મળ્યું છે. રાજકોટ તાલુકા પોલીસે જુગાર રમતા ઝડપાયેલી છ મહિલા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.